## પ્રકરણ ૪

# આત્મસાધના અને તે પછીનું જીવન

Chap-4



## પ્રકરણ - ૪

## આત્મસાધના અને તે પછીનું જીવન

સ્નેહયોગની તપશ્ચર્યા પૂર્ણ કરવા માટે હિમાલયના જંગલોમાં અને ગુફાઓમાં એકાંતમય જીવન ગુજારવાના દૃઢનિશ્ચય સાથે "સાગરે" ગુજરાત છોડયું તેની પાછળ ઇ.સ. ૧૯૦૧ માં એમના હૃદયમાં સર્વપ્રથમ પ્રગટેલી વૈરાગ્યની પ્રબળ ભાવના તેમજ તે પછીનાં બાર વર્ષોનું સતત મનોમંથન કારણભૂત હતાં.

ઇ.સ. ૧૯૦૯, ઇ.સ. ૧૯૧૦ અને ઇ.સ. ૧૯૧૨ માં એમણે લખેલા પત્રો પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે ગુજરાત છોડવા માટેની યોગ્ય માનસિક ભૂમિકા "સાગર" ના આંતરજીવનમાં ઘડાઇ હોવાને પરિણામે એમણે એકાન્તસેવન માટે હિમાલય તરફ પ્રયાણ આદર્યું. અને "સાગર" અને તેમના લઘુબંધુ શ્રી. મણિભાઇ વચ્ચે અનન્ય સ્નેહ હોવાને પરિણામે તેમજ તેમના ગૃહસ્થ જીવનની સર્વ વ્યવસ્થા શ્રી. મણિભાઇ કરતા હોવાથી શ્રી. મણિભાઇએ એમને હિમાલયથી પાછા ફરવા માટે પત્રો લખેલા.

દુનિયાને દુનિયા તરીકે જોનારી આ આંખો મીંચીને અને સ્નેહની આંખે જોવાય એવી કોઇ અંદરની આંખ ફૂટવાની બહુ જરૂર છે. બહારની આંખો મીંચતાં શિખાય, દુનિયામાં જે કડવા અનુભવો છે તે બધા થતા છતાં તે દરેક તરફ ધીમે ધીમે પૂરી બેદરકારી રાખતાં શિખાય: આંખ છતાં તે નિરંતર માટે મીંચેલી રાખી શકાય: જોયું ન જોયું જ થાય. આવું આવું કંઇ પ્રકાશનું ચિંતવન અહીં કરું છું.[1]

o o o

...........

[1] "સાગર" ની પત્રરેખા, પૃ. ૨૭૬ - ૨૯૫

બા જ્યાં સુધી હયાત છે - ત્યાં સુધી - હું મારું બાહ્યજીવન બદલી શકું એમ નથી. પણ હવે દરેક રીતે હું તૈયાર થવા આવ્યો છું, અને પ્રસંગ આવે આન્તર અને બાહ્ય બદલાયલા જીવનથી દુનિયા સામે ખડો રહીશ એ મારો નિશ્ચય છે.[2]

o o o

ભાઇ, જુવાનીમાં જનહૃદયને જે પતંગરંગી વિરાગ આવે છે તેવી મારી દશા કલ્પીને ભૂલાવો મા ખાઇશ. આ તારા ભાઇના હૃદયનો રંગ - હૃદય - ઉપહૃદય Heart—પર જ નહીં - પણ આત્મા - Soul—પર છે અને પ્રકૃતિમાં જ નહીં - Natural નહીં પણ Supernatural થવા લાગ્યો છું.[3]

o o o

"મોઢ બ્રાહ્મણ" ના હવેના અંકો માટે હું પોતે હવે નવું કશું હાલ લખી શકું એ આન્તરની સ્થિતિ નથી. .. ... ... દુનિયાદારીનાં કામકાજોમાં તો હવે ફરીથી કશો ભાગ નહીં લેવાનું મેં નિર્મિત કર્યું છે.[4]

o o o

જે બૂઠાં તીર આખા જગતને ડરાવે છે તેનાથી હવે હું ડરતો નથી, લોકૈષણા, વિત્તૈષણા, દારૈષણા, અને પુત્રૈષણાઓનાં પ્રલોભનો હવે મારા હૃદયને જીતી શકે એમ નથી.[5]

...........

[2]એજન, પૃ. ૨૭૬ - ૭૭

[3]એજન, પૃ. ૨૭૭

[4]એજન, પૃ. ૨૭૯

[5]એજન, પૃ. ૨૮૦

દુનિયાની આબરુ પર જીવવાનું હવે મેં મોકૂફ રાખ્યું છે.[૬]

ો ો ો

ગૂઢ અને ગહન જણાતાં મારા જીવનના તત્ત્વો મને હવે પ્રત્યક્ષ થવા લાગ્યાં છે. વિલંબ કરવો એ મારે માટે અપરાધ છે. હું જેમ બનશે તેમ મારું કર્તવ્ય વધારે ત્વરાથી કરીશ.[૭] ... ... ... તમે જોઇ શકશો કે મારું જીવન કંઇક જુદું જ હવે થવા લાગે છે. નૂતનતા અનુભવું છું અને કોઇ અજબ આનંદનો અનુભવ રસપાન કરાવવાની શરૂઆત હવે કરે છે. બેશક, આનંદનો એ મહાસાગર મને આમંત્રણ કરવા મારા તરફ દોડતો ધસે છે. છતાં હું હજી એમાં કૂદી પડતો નથી. એ ન્યૂનતા છે.[૮]

ો ો ો

મારો માર્ગ હું કોઇની પણ ખાતર – અરે ખુદ ખુદાની ખાતર પણ છોડી શકું એમ નથી. હું અમુક મનુષ્ય વ્યકિતને ચાહું છું એવું માનવાની કશી જરૂર નથી. હું શું ચાહું છું તે "મારી સનમ" ને એક ને જ માલૂમ છે અને તેને ઘણીક વાર સ્પષ્ટ સાંભળતો છતાં તેનું બદન મેં જોયેલું નથી. હું તેને ચાહું છું કે જેનું બદન જોવાને હું ઇન્તેઝાર છું. અને જેનું બદન માટીનું બનેલું નથી પણ ખુદ શરાબનું બનેલું છે.[૯]

...........

[૬] એજન, પૃ. ૨૮૦

[૭] એજન, પૃ. ૨૮૩

[૮] એજન, પૃ. ૨૮૭

[૯] એજન, પૃ. ૨૯૦

દુનિયાના બધાં ઐહિક પદાર્થો માત્ર અલ્પકાલિક છે અને ઐહિક જીવનનો સંબંધ સ્થાયી નથી, એ સિવાય બીજું મહત્ત્વનું શું વિચારવાનું છે).[10]

o o o

પોતાનું અંતરાવલોકન અને પોતાના દૃઢતમ નિશ્ચય વડે પોતાના મનની જીત એજ માર્ગ યોગનો છે. સંકલ્પ વિકલ્પ વાળું મનજ માર્ગ કાપતાં અટકાવે છે અને મનુષ્યને ફકત પાર્થિવ જીવનમાં કબજે કરી રાખે છે. ઐહિક અને એટલે કે ક્ષણધ્વંસી પદાર્થોને અને સુખોને મહત્વ આપવાની આપણને પડી ગયેલી ટેવ આપણે છોડી દઇને ફકત પ્રેમની એકની જ સત્તાને આદર આપવા માંડીએ એટલે પ્રભુના ઘરનું દ્વાર એની મેળે આપણી નજીક આવવા લાગે છે. અભ્યાસ આ પ્રકારનો વધતાં વધતાં જીવનું જીવપણું વિલય પામવા માંડે છે અને તે પ્રભુમાં જીવતો પોતાથી પ્રભુતા સ્પષ્ટ અનુભવવા માંડે છે. અરે. તે પ્રભુ બનવા લાગે છે અને છેવટે એ જ માર્ગ - પ્રેમમાં જીવન જીવવાનો માર્ગ તેને પ્રેમમાં ભેળવી દે છે. તેને ખુદ પ્રેમસ્વરૂપ બનાવે છે. પ્રભુ બનાવે છે. મનનું જીતવું એ જ પ્રભુ બનવાની મુખ્ય ચાવી છે અને પ્રેમભક્તિના માર્ગાનુગામી હૃદયોને એ સ્વભાવથી જ સિધ્ધ હોય છે.[11]

ચિત્રાલ આશ્રમમાં કેટલાંક વર્ષો એકાંતવાસ દરમિયાન જગત પ્રત્યેના વિરાગની ભાવના દૃઢ થતાં કેટલોક કાળ અભ્યાસ, ચિંતન અને એકાંત સેવન માટે હિમાલયમાં હૃષિકેશમાં ગાળવાનું એમને મુનાસિબ લાગતાં જ ગુજરાત છોડ્યું, પરંતુ "સાગરે" વેષાન્તર કરવાનું - બાહ્ય સંન્યાસ ધારણ કરવાનું કદાપિ વિચાર્યું નહોતું. પોતે દૃઢપણે માનતા કે "પ્રભુને શોધવાને કોઇ સ્થલે જવું પડતું નથી" પોતાના મિત્રને એમણે એક પત્રમાં સ્પષ્ટ જણાવ્યું હતું " વેષાન્તર કરવાની કશી ધારણા છે જ નહીં. સ્વામી રામતીર્થ અને બધાના સિધ્ધાન્તો એ જ આત્માના સિધ્ધાન્તો

...........

[10]એજન, પૃ. ૨૯૪

[11]એજન, પૃ. ૨૯૫

છે[૧૨] .. ... ... ગીતામાં તમે જુઓ છો કે એ પૂર્ણ પુરુષ કૃષ્ણ બાવા બનવાની કોઇને સલાહ આપતા નથી, પણ બાવા બન્યા વિના જ પરમધર્મરૂપ – મુમુક્ષુને બનાવે છે.[૧૩] .. ... .... પૂર્ણ પુરુષાર્થથી, પૂર્ણ પ્રાપ્તી બલ વડે જો આંતરનો ત્યાગ સાચવી શકાય તો બાહ્ય ત્યાગની કશી જરૂર નથી. ત્યાગને સ્થૂલનો કે સ્થૂલની ઇચ્છાઓનો. સંબંધીઓનો કે સંબંધ મનાવનાર મનોવૃત્તિનો. યોગવાસિષ્ઠય, ભગવદગીતા, અષ્ટાવક્ર, ગુરુ દત્તાત્રેય અને સ્વામી રામતીર્થ સુધ્ધાં આવા બાહ્ય ત્યાગની સલાહ કદાપિ આપતા હોય એવું જોઇ શકયો નથી."[૧૪]

ગુજરાત છોડવાનું કારણ દર્શાવતાં અને તેમાં પોતાના સ્નેહયોગનો ઇશ્કેહકીકીનો આદર્શ સ્પષ્ટ રીતે સમજાવતાં એક પત્રમાં "સાગરે" જણાવ્યું હતું કે: તું એવું માને છે કે આ શરીર અહીં આવ્યું તે જાણે કોઇ પ્રકારની રીસથી કે ગુસ્સાથી આવ્યું છે. પણ એ વાત છેક સાચી નથી. છેક સાચી નથી એમ કહેવામાં હેતુ એવો છે કે એને જે કરડી લાગણી થયેલી તે બીજા કોઇના તરફ નહીં, પણ માત્ર પોતાના જ શરીરમાં રહેલા મન તરફ અને પરમાત્માનો ઓળખવા ચાહનાર પોતાના મન તરફ ગુસ્સે થાય એમાં કશું ખોટું નથી. અને એને ઠેકાણે લાવવા પ્રયત્ન કરે એમાં અયોગ્યતા કશી નથી. જે જે બનાવો બન્યા છે અને બને છે એ તો માત્ર નિમિત્તરૂપ એટલે બહાનાં જ છે, અને ખરું તો મનને ઠેકાણે લાવવાને દરેક પ્રસંગ એ પરમ શિક્ષકજ છે. શિક્ષકને ઓળખ્યો અને શરીરને દેશવટો આપ્યો, બાપુ. રીસ કોઇના ઉપર નથી.[૧૫]

...........

૧૨ એજન, પૃ. ૬૦.

૧૩ એજન, પૃ. ૬૦

૧૪ એજન, પૃ. ૫૧

૧૫ 'સાગર' ની પત્રરેખા' – અપ્રસિધ્ધ

"સાગર" તો સાધુરામ છે અને એવા સાધુરામનો ચાહવાની કોઇને કશી જરૂર નથી. એવા સ્વતંત્ર મિજાજના માણસો તો જંગલમાં જ ભલા, દુનિયાને એવા માણસ નહી પાલવે, બાપુ! અને સનમ. સનમ તે આત્મા છે અને માટીના શરીરને આ લખનારે કશું મહત્વ કદાપિ આપ્યું નથી."[૧૬] પોતાના આત્મપ્રેમનો સિધ્ધાંત સમજાવતાં આ જ પત્રમાં "સાગર" આગળ જણાવે છે કે: "આત્માનુભવની ઝાંખી એ જ સનમ. અનુભવ એ સનમ અને એ સનમના ચિન્તવનથી હવે તો સ્પષ્ટ જોવાય છે કે જે એક જ શરીરમાં સમાઇ રહે નહીં. સનમ એટલે પરમાત્મનું ચેતન તત્વ તો હવે એવડું મોટું લાગે છે કે આખા વિશ્વમાં પથરાઇ રહેવા ઉપરાન્ત પણ બહુ જ બાકી રહે છે!"[૧૭]

આ હતી "સાગર" ની ઇ.સ. ૧૯૧૩ ની પ્રણય-ભાવના. સ્નેહયોગના પૂજારીના માનસનું આ નિદર્શન સ્પષ્ટ દર્શાવે છે કે એમની આત્મસાધનાની અંતિમ ભૂમિકાનો આ જ વર્ષમાં પ્રારંભ થઇ ચૂકયો હતો.

સૂફીવાદના માર્ગમાં ઇશ્કેહકીકીના "સાગર" ના આ પ્રવાસની પૂર્વભૂમિકા તો એક વર્ષ પૂર્વેથી જ તૈયાર થઇ ગઇ હતી. ઇ.સ. ૧૯૧૨ ના "સાગર" ના ઉત્તરહિંદના પ્રવાસ પછી એમને સ્પષ્ટ સમજાયું હતું કે: "ભગવદગીતામાં ચંચળ મનનું નિવારણ કરવાને શિક્ષક શ્રીકૃષ્ણ ધનંજયને વૈરાગ્ય અને અભ્યાસ એ બે આબાદ ઇલાજ બતાવે છે. વૈરાગ્ય એમનામાં સ્નેહના દર્શનની સાથે જ ઉદ્દભવેલો અને તે બેશક, તીવ્ર અસંભતા સિવાય સાચા એટલે પૂરા આશકથી સતત ટકાવી શકાતો નથી.[૧૮]

...........

[૧૬] એજન,

[૧૭] એજન,

[૧૮] "સાગર" ની પત્રરેખા પૃ. ૨૯૦

"ફેરવવાનું તો ફકત મનુષ્યનું આન્તર જ છે. અને પ્રવાસ પણ વસ્તુ પ્રાપ્તિ માટે તો અંદરનો જ કરવો જોઇએ બાહ્ય પ્રવાસ તો ફકત Relative means છે"[૧૯].

ઇ.સ. ૧૯૧૩ ના નવેમ્બરના પ્રારંભમાં જ શ્રી. "સાગરે" હૃષિકેશમાં આવીને પોતાના જીવનમાં શાન્તિનો કાયમનો અનુભવ પ્રાપ્ત થાય તે માટેના પ્રયત્નો આરંભી દીધા.

અજાતવાદના વિશિષ્ટ ગ્રન્થોના અભ્યાસ અને એકાન્ત સાત્વિક તપસ્વી જીવનના સમન્વય દ્વારા "સાગર" સમજી શકયા કે: "સ્થૂળની પ્રબળ ઉપેક્ષા વિના કાયમનું સુખ મળવું સંભવિત નથી જ નથી. અને મનને આત્મામાં શમાવ્યા વિના શાન્તિનો કાયમનો અનુભવ મનુષ્યને પ્રાપ્ત થવો શકય નથી જ નથી એ સનાતન સિધ્ધાન્ત છે"[૨૦]

બીજા એક પત્રમાં પણ આ જ સિધ્ધાંત રજૂ કરતાં "સાગર" કહે છે કે: " પ્રભુને શોધવાને કોઇ સ્થળે જવું પડતું નથી. તે તો પરમ સત્ય છે પણ મનને આત્મામાં શમાવી દીધા વિના સચ્ચિદાનંદનો સ્વાનુભવ અનુભવાતો નથી અને જીવાત્માની ભ્રમણા ભાંગતી નથી.[૨૧]

મનોનાશનો અજાતવાદનો સિધ્ધાંન્ત "સાગર" ના તત્વજ્ઞાનનું વિશિષ્ટ લક્ષણ હોઇ કહાનવા બંગલાના શ્રી. ભગવાનજી મહારાજને એક પત્રમાં "સાગર" પોતાનો સ્વાનુભવ આ પ્રમાણે સમજાવે છે." એક વાર જો મનને સખત ફટકો મારીએ તો મનની અડધી તાકાત નાશ પામે છે અને પરિણામે તો મનુ એવું બાયલું છે કે થોડા જ સખત ફટકા ઉપરાઉપરી સતત લાગ્યા પછી આત્માના રાજ્યનું પૂર્ણ આજ્ઞાંકિત બન્યા સિવાય રહેતું જ નથી."[૨૨]

...........

[૧૯] એજન, પૃ. ૨૯૩

[૨૦] એજન, પૃ. ૪૫

[૨૧] એજન, પૃ. ૨૧૯

[૨૨] એજન, પૃ. ૧૯૬

‘સાગર’ મહારાજે પોતાના શિષ્યા માતાજી ઓમકારેશ્વરી પૂર્વાશ્રમના લલિતાબેન મંગળભાઇ જાનીને ઇ.સ. ૧૯૧૬ માં લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે:

"ખરું સુખ આત્માના અનુભવમાં છે. વાસના માત્રને પ્રેમના વિરાટ સ્વરૂપ જયોતિમાં બાળી દીધા વિના – મનને આત્મામાં શમાવ્યા વિના કદાપિ આત્માનો સ્વાનુભવ થતો નથી".[૨૩]

શ્રી. અખાજીની વાણી, ગુરુ દત્તાત્રેયની અવધૂત ગીતા, શ્રી.અનાથદાસજીની વિચારમાલા, શ્રી. વસિષ્ઠ મુનિનું યોગવાસિષ્ઠય, ભગવદગીતા, કબીર, પ્રીતમ, છોટમ, મીરાંબાઇ, શ્રી. અખાજીની શિષ્ય પ્રણાલિકાના સંતોની વાણી, સ્વામી રામતીર્થ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, ઉપનિષદો– અને માણ્ડૂકય કારિકા, તથા શ્રી. શંકરાચાર્યનો અભ્યાસ પણ "સાગરે" આ સમયમાં જ પૂરો કર્યો[૨૪]. પોતાના વેદાન્તના અભ્યાસ પછી ‘સાગર’ ઘણો ખરો સમય ચિન્તન અને મનનમાં જ ગાળતા.

...........

[૨૩] એજન, પૃ. ૪૬૩

[૨૪] એજન, પૃ. ૩૦૯, ૩૦૬, ૨૯૯, ૪૫, ૧૯૫, ૩૫, ૩૭૯
મુમુક્ષુ વિચારણામાં "સાગરે" દર્શાવેલો અભ્યાસક્રમ–જુઓ: ‘સંતોની વાણી’ અને ‘અખાકૃત કાવ્યો ભા.૨’–‘સાગર’ ના સંપાદનો અને ‘ગીતાનું હૃદય’ અને ‘ગીતાની વિચારણા.’

મણિકૂટ પહાડના ધીચ જંગલોમાં અને હૃષિકેશ પાસે આવેલા બ્રહ્મપુરી અરણ્યમાં એકાન્તજીવન ગુજરતા પોતાની આત્મસાધના દરમિયાન "સાગરે" અનુભવેલો વાતાવરણનો આનંદ વ્યકત કરતાં એક મિત્રને જણાવ્યુંહતું કે: "ફકત સૂકી લૂખી રોટલીને દાળનું પાણી ખાવામાં અહીં જે આનંદ મજા છે તે કુટુંબના બંધનોમાં રહીને પકવાન્ન જમવામાં કદીયે લાગી નહોતી".[૨૫]

ચિન્તન અને મનન દરમિયાન "સાગર" પ્રણવમંત્ર ૐ-કારની ધૂન પણ ગજાવતા. પરિણામે તે ૐ—વાલા બાવાજી તરીકે ઓળખાતા.

પ્રણવ મંત્રના સતત જાપ અને મનોનાશ તેમજ વાસનાક્ષય દ્વારા સતત બે વર્ષ આત્મસાધના દ્વારા "સાગરે" આધ્યાત્મિક પ્રગતિનું સર્વોચ્ચ શિખર સર કર્યું હતું. સ્નેહયોગની સાથે વેદાન્તના અભ્યાસ દ્વારા અજાતવાદના મૂળભૂત સિધ્ધાંતો મનોનાશ અને વાસનાત્યાગનો "સાગરે" સ્વીકાર કર્યો હતો. પરિણામે, પ્રણય અને પ્રણવનો અદભુત સમન્વય સાધી, પ્રણયની પોતાની સાધનાનું પ્રણવમંત્રના સતત જાપમાં પરિવર્તન કરનાર "સાગરે" પ્રણવમંત્રના સતત જાપ પાછળનું રહસ્ય એક મિત્રને દર્શાવતાં જણાવ્યું હતું કે, "હકીકતમાં નામોની કશી જ વજૂદ નથી. ગમે તે હો પણ તેમાં અનન્ત રૂપની અનન્ત ગણી એકીકૃતભાવના જામેલી હોય અને ક્ષણ ક્ષણ એના જ ચિન્તવનમાં આત્માનુભવ રહે તો બસ છે- બેડો પાર છે. એવા ચિન્તનની સહજ સફલતા માટે જ પ્રણવમંત્ર ૐ કાર ને વેદો વધારે પ્રાધાન્ય આપે છે. ———— यज्ञानां जप यज्ञोऽस्मि એમ કહેવામાં એ જ હેતુ છે કે આઠે પહોર સોહંકારનો વા ૐ કારનો અજપાજાપ અન્દર અનુભવવાયાં કરે અને વૃત્તિનું તાદાત્મ્ય જામી જતાં પરિણામે ધ્યાતા ધ્યેયરૂપતામાં લીનતા પામે.[૨૬]

............

[૨૫] એજન, પૃ. ૨૪૧

[૨૬] એજન, પૃ. ૧૯૬

"પ્રણવનો મન્ત્ર ૐ કાર બહુ જ સમર્થ છે."[૨૭]

એમના હૃષિકેશના નિવાસસ્થાનના અદ્દભુત અને અસરકારક વાતાવરણ વિશે પોતાના એક મિત્રને લખ્યું છે કે: "અહીં કશું વંચાય નહીં કે થોથાં પોથાં ઉઘાડાય નહીં તો તે આસપાસની પ્રકૃતિ એનીમેળે જ બ્રહ્મવિધ્યાના મંત્રોનું ગાન બહારથી અને અન્દરથી એક સ્વરૂપે ચલાવ્યાં જ કરે છે".[૨૮]

ભિક્ષાવૃત્તિ દ્વારા "સાગર" જીવનની આજીવિકા ચલાવતા. ભિક્ષામાં બાવટાનો આંટો, અડદ અને કાંગ મળતા, ઠંડી બેશુમાર રહેતી. ધૂણી ચોવીસે કલાકે રાખવી પડતી.[૨૯]

આ સમયના એમના અભ્યાસ અંગે એક પત્રમાં લખ્યું છે: "સ્વામી રામનું ચોથું વોલ્યુમ, અને યોગવાસિષ્ઠય, અને બીજા અવ્દૈત પ્રબોધનો કવચિત જોવાયાં કરે છે- બાકી તો ચિન્તન અને મનન જ ચાલ્યાં કરે છે."

આ હૃષિકેશ નિવાસ દરમિયાન[૩૦] સતત મનન ચિંતન એકાન્તસેવનથી આવશ્યકતા લાગતાં એમણે હૃષિકેશથી દશેક માઇલ દૂર મણિકૂટ પહાડ પર નીલકન્ઠ મહાદેવ પાસે રહેવાનું નક્કી કર્યું. પહાડ પર ટપાલની વ્યવસ્થા નહોતી. કોઇ માણસો પણ ત્યાં રહેતાં નહોતાં. આ એકાન્ત નિવાસ એમની સાધના માટે ખૂબ અનુકૂળ બન્યો. શ્રી. નીલકંઠ મહાદેવ :ઠાંગર: :ગઢવાલ: ના આ વાતાવરણ અંગે તે એમના મિત્રને લખે છે:

...........

[૨૭] એજન, પૃ. ૨૨-૨૩

[૨૮] એજન, પૃ. ૨૨૪

[૨૯] એજન, પૃ. ૨૨૩

[૩૦] એજન, પૃ. ૨૯૯

"બહારની મુશ્કેલીઓ અને દૈહિક વાંછનાઓને ભૂલાવી દઇને પ્રકૃતિદેવી પૂર્ણ સ્વરૂપ પુરુષમાં જીવને અને જગતને ઓગાળી દે છે. અને જે સુખ માટે મનુષ્ય લાખો પ્રકારના પ્રયત્નો કર્યા કરે છે તે સુખનો મૂળ ખજાનો આપોઆપ આવીને પગ આગળ હાજર થાય છે."[31] મનની બહિર્મુખ વૃત્તિ અન્તર્મુખ થતાં આત્માનુભવ વડે આત્મસાક્ષાતકાર થાય છે. એ અનુભવનું દર્શન એમણે આ જ પત્રમાં આ રીતે રજૂ કર્યું છે: "ખરેખર, સુખ અને દુ:ખ બંને મનની નિશ્ચિત અને અનિશ્ચિત વૃત્તિ ઉપર જ અવલંબી રહ્યાં છે. અમુક બાહ્યસ્થિતિ એ સુખ કે દુ:ખનું કારણ છે જ નહીં, પણ એ બાહ્ય સ્થિતિથી પર આત્મામાં મનનો મુકામ થતાં અને જામી જતાં સુખ સિવાય અંદર કે બહાર કશું જ અન્ય દેખાતું નથી, અનુભવાતું નથી.[32] આ પત્રમાં મનની અંતર્મુખ દૃષ્ટિ થતાં વિશ્વ રહેતું નથી પણ વિશ્વનો પરબ્રહ્મમાં લય થાય છે અને આત્માનુભવીને છેલ્લી સ્થિતિનો અનુભવ થાય છે. પોતાનો એ અનુભવ વ્યકત કરતાં "સાગર" કહે છે કે આખું જગત અરે અગણિત બ્રહ્માંડો બધાં મળીને મૂળમાં એક જ શરીર છે અને વહાલું અજ્ઞાન દૂર થતાં જ્ઞાનની પ્રીતિ પાકી જામતાં આશાનિરાશા બન્નેથી ઉપરનો અનુભવ આવીને જીવની દૃષ્ટિએ શિવના નેત્રમાં ભેળવી દે છે, કામના માત્ર બળી જાય છે. હળાહળ પીવાઇ જાય છે. "વિશ્વ" નો સંહાર થાય છે અને બ્રહ્મની જ્યોતમાં "વિશ્વ" લય પામે છે. શિવજીનું એ સ્વરૂપ છે.[33]

'યોગવાસિષ્ઠ' અને 'માણ્ડૂકયકારિકા'માં રજૂ થયેલા અજાતવાદના સિધ્ધાંતમાં મનોનાશ અને વાસનાક્ષયને અત્યંત મહત્વ આપવામાં આવ્યું છે. આપવામાં આવ્યું છે. આત્માનુભવ મનોનાશ વિના શકય નથી. મનની વૃત્તિઓ અંતર્મુખ થતાં - લય થતાં સુખ અને દુ:ખનું દ્વૈત રહેતું નથી.

.........
31 એજન, પૃ ૨૨૪
32 એજન
33 એજન, પૃ. ૨૨૪

સર્વત્ર સર્વસ્થિતિમાં આત્માનુભવીને સુખનો જ અનુભવ થાય છે એ સમજાવતાં પોતાનાં પત્નીને એમણે એક પત્રમાં લખ્યું છે: "મનને તાબે કરજો. સુખ કે દુ:ખ એ કંઇ પદાર્થોમાં નથી પણ મનની સત્તાનું પરિણામ છે, અને તમે આત્માની સત્તામાં મનને મૂકી દેશો તો દુ:ખ જેવું તમને કંઇ લાગશે નહીં".[34]

ખાવાપીવામાં તેમ જ વ્યવહાર ઇત્યાદિમાં પરમ સાત્વિકતાનું પાલન કરવામાં - કરાવવામાં "સાગર" દૃઢપણે માને છે. આત્મજ્ઞાન માટેની પ્રાથમિક ભૂમિકા તરીકે સાત્વિકતાનું પાલન અત્યન્ત આવશ્યક છે.[35]

"સાગર" નું હિમગિરિ નિવાસ દરમિયાનનું જીવન ૠષિ જીવન હતું, તપસ્વી જીવન હતું, પૂર્ણ એકાન્તિક જીવન હતું. જીવનના આ તપ:કાળ - સાધનાકાળ દરમિયાન શ્રી અખાજીની વાણી, ગુરુ દત્તાત્રેયની 'અવધૂત ગીતા' શ્રી. અનાથદાસજીની 'વિચારમાલા', ઉપરાન્ત કબીર, પ્રીતમ, છોટમ, મીરાંબાઇ વગેરે સંતોની અનુભવવાણી તેમજ અખાજીના શિષ્યોની અનુભવવાણી અને વેદાન્તના સર્વમાન્ય શ્રેષ્ઠગ્રન્થોના પ્રણેતાઓ શ્રી.શંકરાચાર્ય અને શ્રી. વસિષ્ઠ આ સર્વનો બહુ ઝીણવટથી શ્રી. "સાગરે" આ સમયે અભ્યાસ, ચિંતન અને મનન કર્યું હતું.[36]

નિષ્કામ કર્મયોગીનું જીવન ગુજારતા "સાગર"ના જીવનનો આ કાળ બહુ ઉચ્ચ કોટિનો છે. પ્રભુ સાથેનું તાદાત્મ્ય એમણે આ કાળમાં જ અનુભવ્યું. પરમ આર્યૠષિ જીવન એટલે કે બ્રાહ્મી જીવનનો અનુભવ એમણે આ કાળમાં જ કર્યો. બ્રહ્મર્ષિ વસિષ્ઠ, રાજર્ષિ વિશ્વામિત્ર અને બીજા સમર્થ ૠષિઓ જેવા પ્રકારનું નિષ્કામ સાધુ જીવન શ્રી. "સાગરે" આ કાળમાં હિમાલયની ગુફાઓમાં અનુભવ્યું.[37]

...........

[34]એજન, પૃ. ૨૪૧

[35]એજન, પૃ. ૨૧

[36]જુઓ 'સાગર' જીવન અને કવન, પૃ. ૨૦૫, - યોગી-દ જ. ત્રિપાઠી

[37]એજન, પૃ. ૨૦૭

ઇ.સ. ૧૯૧૩ પછીની "સાગર"ની પત્રરેખા" તેમજ "દીવાને સાગર" દ.૧ અને ૨ માં આનન્દની મસ્તી અને બ્રાહ્મિ જીવનની દૃષ્ટિ સ્પષ્ટ જોઇ શકાય છે, "સાગરે" આત્માનુભવનો આનંદ એમના દીવાને સાગર દફતર ૧ ના ત્રીજા તબક્કાના ભજનો- ગઝલોમાં વ્યકત કર્યો છે.

"પ્રેમની સફળતા" કાવ્યમાં "સાગર" કહે છે:

સુખદુ:ખ રાગ વિરાગ પરો, હાં! દેહાભિમાન તમામ મળયો,
ભવસાગર તરી પાર ખડો, હાં! મોજ મઝા બસ માણી રહ્યો. ૩૮

"સાગર" નો આત્માનુભવનો માર્ગ પ્રેમમાર્ગનો છે. "નારાયણ નામ" ગરબીમાં "સાગર" નો પ્રેમ દ્વારા મુકિતનો માર્ગ આ રીતે રજૂ થયો છે:

પ્રેમ પાવકે કર્મ પ્રજાળયું રે
ઉર આપે ઊગ્યુ અજવાળું રે.
ખૂલ્યું બ્રહ્મ સાગર કેરું બારું.
નારાયણ નામ. ૩૯

પરમાત્મા સાથેના તાદાત્મ્યનો અનુભવ "તારો મહિમા" ભજનમાં આ રીતે રજૂ થયો છે:

નેહ થતાં પ્રગટયો વિરહાગ્નિ! ઝંપ્યો અધરરસ પીધો.
સૈયાં! તારો મહિમા અનિર્વાચ્ય દીઠો. ૪૦

"પ્રેમ સુધારસ દ્વારા બ્રહ્મસાગરનું પૂર "સાગર"જીને આંગણે ઉભરાય છે"

...........

૩૮"દીવાને સાગર" દ.૧, પૃ. ૪૧૫
૩૯એજન, પૃ. ૪૧૮
૪૦એજન, પૃ. ૪૧૯

પોતાના આત્માનુભવનો આનંદ તે આ રીતે વ્યકત કરે છે:

ધન્ય! ગુરુજી! પ્રીછવી હાં! સુરસરિતા ધરમાંહ્ય
પ્રેમ સુધા રસ પામતાં રે- બ્રહ્મસાગર પૂર ઉભરાય.
સાગરજીને આંગણે. [૪૧]

"સાગરે" પોતાનો આત્માનુભવનો આનંદ સૂફીવાદની બાનીમાં પણ "મુબારક" કાવ્યમાં આ રીતે વ્યકત કર્યો છે.

અજબ સાગર. છૂપો જાહિર! વિલસતો મોજની ખાતિર
હંમેશા લેલ-તુલ્-કાદિર! મુબારક હો! મુબારક હો![૪૨]

"કુલથનું ગીત" માં "સાગર" પોતાને માટે કહે છે:

હમ બડભાગીને ખુદ તું ખવાડે, કાંગની કોળી અતૂલ.
માયા જલાવીને ભસ્મ લગાવી. ભ્રમણાની ભાંગી ભૂલ.
મ્હેલી હવેલી હિમાચલ ભાળ્યો. ધન્ય આ ધૂણીની ધૂલ.
છબિયાં વિલોકી, સાંઇયાં! વારી જાઉં! તન મન સાગર ડૂલ! [૪૩]

"પ્રેમનું ટમ્બર" "હમારો રંગ" "બૈયા. હો." "વાહ! વાહ! સૂરત!" "આ શું છે?" જેવા હિમાલય નિવાસ દરમિયાન રચાયેલા કાવ્યોમાં આત્માનુભવનો આનંદ અને મસ્તી જ "સાગરે" ગાઇ છે.

"અલ્હકક" ગઝલમાં પરમાત્મા સાથેના મિલનનો ભાવ સુંદર રીતે વ્યકત થયો છે.

...........

[૪૧]એજન, પૃ. ૪૨૧

[૪૨]એજન, પૃ. ૪૨૩

[૪૩]એજન, પૃ. ૪૩૫

અય જલ! પવન! પહાડો! ગગન! સુણીએ પરસ્પરનું વચન:
સાગર સનમ ગૂંથ્યાં બદન– અળગાં થવું ના ના પલક.[44]

હિમગિરિનિવાસ દરમિયાનનું "સાગર" નું સાહિત્ય આત્માનાં ઉચ્ચ ઉડ્ડયનોના વિહારમાંથી આવે છે અને વસ્તુની દૃષ્ટિએ પણ જિજ્ઞાસુને એમનાં ભજનોમાં અનેરું આત્મજ્ઞાન આપે છે. શ્રી. "સાગર" નું હવેનું સાહિત્ય ભારોભાર આત્મજ્ઞાન અને અનુભવબલ આપતું ભજન સાહિત્ય છે. આર્ય બ્રાહ્મણ હૃદય ઉગ્ર તપશ્ચર્યા વડે હુંપણું ઓગાળીને જે શુધ્ધ સાત્વિક ભાવે સર્વત્ર આત્મભાવની સમરૂપતા જોતાં શીખે છે, અને પ્રભુપ્રેમ અનુભવે છે– એ આર્ય બ્રાહ્મી જીવનની અનુભવ ગીતા શ્રી. "સાગર" ની હવે પછીની તમામ વાણીમાં ઉભરાય છે.[45]

હિમાચલની તપોભૂમિના પવિત્ર વાતાવરણમાં એમણે પ્રાપ્ત કરેલો આનંદ એક પત્રમાં આ રીતે વ્યક્ત કર્યો છે.

"જંગલોમેં ઔર પહાડોંમેં ઘૂમતે હય ઔર હથ્થી, બાઘ, ઔર નદી, પર્વત – ઝરન ઇન સબ સ્વરૂપોંમે બ્રહ્મલીલા દેખતે હય ઔર આનંદ પીતે હય.

દુનિયા કે સબ પદાર્થોં કો બચ્ચોંકી પૂતલીઓંકી માફક સમજ લો ઔર સચ્ચા સ્વરૂપસે દિલકી યારી ઠહરા દો, મેરે પ્યારે! હો હી કરના કે જિસસે કાયમ કા આરામ મિલ જાય! ભૈયા! ખાતે પીતે ફરતે, બોલતે, ચાલતે ઔર સબ કુછ કામ કરને કી બખ્તભી અન્દર કા સૂર સ્વરૂપમેં હી મિલા પિછાના જાય ઐસા સાવધાન રહના ઔર મન કો ખૂદ આત્મા મેં ડૂબા દેના કયોંકિ મન એક હી જગત કા મૂલ હય ઔર મન આત્મલીન હુવા તો સારા જગત,

...........

[44]એજન પૃ. ૪૪૧

[45]જુઓ: 'સાગર અને જીવન', પૃ. ૨૦૮

જગત નહીં રહેગા."[46]

મનોનાશનો આ સિધ્ધાન્ત "સાગરે" પોતાના પદોમાં પણ વ્યકત કર્યો છે.

જ્યાં સુધી વાસના બીજ બળતું નથી,
ત્યાં સુધી જીવપણું ના તજાતું,
જેમ છે તેમ નિજરૂપ અવલોકવા —
નેત્ર નવ સ્થૂલની પાર જાતું.
સુખ અને દુ:ખ એ મન તણાં ભ્રમણ છે,[47]

મન શમન એ ખરી ઊર્ધ્વગાની;
સત અસત ઉભયથી વસ્તુને પર જુવે-
સકલ સંશય ખુવે ભકતજ્ઞાની.[48]

○ ○ ○

મનમુર્યુ એ જ ૧૦દજ એ જ છે પૂર્ણતા-
તન મુવે મુકિત નથી પામવાની.
ભકિત ને જ્ઞાન અદ્વૈતમાં આચરી-
મુકિતની મોજ લે રોજ માણી.[49]

...........

[46] "સાગર"ની પત્રરેખા (અપ્રસિધ્ધ) "સાગર" -જીવન અને કવન"-પૃ. ૨૦૯

[47] દીવાને સાગર-૧, પૃ. ૩૫૦ "[illegible]"

[48] એજન, પૃ. ૪૧૨. "[illegible]"

[49] એજન, પૃ. ૪૦૯ "[illegible]"

હિમાલયમાં મણિકૂટ પહાડના નિવાસ દરમિયાન સ્નેહયોગના પૂજારી "સાગરે" પ્રણયને બદલે પ્રણવની ઉપાસના કરી હતી. પ્રણવમંત્ર ની મહત્તા સમજાવતાં એક પત્રમાં એમણે કહ્યું છે કે: "ૐ"કારનો મંત્ર વિશ્વવ્યાપી છે,

ૐ એટલે પ્રેમનું ઊંચામાં ઊંચું સ્વરૂપ- જ્ઞાનનું ઊંચામાં ઊંચું સ્વરૂપ- આત્મા પરમાત્માની એકતાનું સ્વરૂપ- જે વાણીમાં આવી શકે નહીં એવું પ્રેમના અનુભવનું જ્ઞાનબ્રહ્મનું સ્વરૂપ."[૫૦]

આત્મસાક્ષાત્કાર માટે વાસનાક્ષય અને મનોનાશને અનિવાર્ય માનતાં "સાગર" તેનું સ્વરૂપ આ રીતે સમજાવે છે: "જે મનોવૃત્તિ પ્રભુની અનન્ય પ્રીતિ ભક્તિને જાગવા દે નહીં એનુ નામ વાસના. આ વાસનાનો ક્ષય થતાં પરમાત્મામાં અનન્ય પ્રીતિ જાગે અને મનની વૃત્તિઓ સંકલ્પ વિકલ્પથી રહિત થતાં પરમાત્મા સાથે પૂર્ણ તાદાત્મ્યનો અનુભવ થઇ શકે. મનનો સંપૂર્ણ વિલય એટલે બ્રહ્મદર્શન અથવા મોક્ષ". આ બધું બ્રહ્મમય છે અને જગતનું કોઇપણ અવસ્થામાં અસ્તિત્વ જ નથી એવા અજાતવાદના મૂળભૂત સિદ્ધાન્તનો સ્વીકાર કરી, "સાગર" પ્રેમ અને જ્ઞાનનો આત્માનુભવમાં લય થાય તેની આવશ્યકતા સમજાવતાં કહે છે: "મૂળતત્ત્વનો સર્વાંગી પાયો પ્રેમ કે જ્ઞાન બેમાંથી એકે નથી, એ બન્ને તત્વો જ્યારે એકમાં ઓગળી જાય ત્યારે જ જેનું પ્રગટીકરણ થાય એવી એ બ્રહ્મવિદ્યા છે- એ એકનું નામ તે અનુભવ અર્થાત એ એક એવી વિલક્ષણ દશા કે સૂક્ષ્મ પિંડની વિરાટ સાથેની સર્વદા એકતાનું નિરન્તર ભાન હોવું – જો કે ભૌતિક વિશ્વ ઉપર, દેખાવ માત્ર એક વ્યક્તિ તરીકે, જુદા જણની પેઠે કામ કરતું અને દેખાતું હોવું- યદ્યપિ વસ્તુમાં તો દેહાભિમાનની કલ્પનાથી અલિપ્ત-બ્રહ્મીકરણ[૫૧].

...........

[૫૦]જુઓ-"કલાપીનો કેકારવ"ની ટીકા -'સાગર'

[૫૧]"સાગર"ની પત્રરેખા - એજન, પૃ. ૩૭.

આ ઉપરથી પ્રતીત થાય છે કે "સાગરે" શ્રી. શંકરાચાર્યે દર્શાવેલા સાધનચતુષ્ટય દ્વારા વૈરાગ્ય અને અભ્યાસના બળ વડે વાસનાનો સંપૂર્ણ ક્ષય કરીને મનઃશમન દ્વારા હિમાલયનિવાસ દરમિયાન જ આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરી હતી. વેદાન્તની સપ્ત ભૂમિકાની આવશ્યકતા સમજાવતાં "જ્ઞાન નિસરણી", "વિચારણા" "તનુ માનસા" "સત્વાપત્તિ" "અસંસક્તિ" "ગુડ મોર્નિંગ" અને "એકડે એકો" ભજનોમાં પણ પોતાની સાધનાનો માર્ગ "સાગરે" વિગતે સમજાવ્યો છે.

"સાગરે" પૂર્ણવૈરાગ્ય અને સતત અભ્યાસ દ્વારા તપોમય જીવન ગાળીને હૃદયની બધી જ વાસનાઓ શ્રી.હરિનામમાં ઓગાળી દીધી. જપ દ્વારા સંસારના ઉદભવનું મૂળ- મનની વૃત્તિઓ- તેનું હરિનામના સતત જપ દ્વારા સમુળું ઉચ્છેદન કર્યું. પોતાની રગેરગમાં શ્રી.હરિનામનું અમૃત ભરી દીધું એ જ એમનો જીવનસિદ્ધિનો માર્ગ. એજ એમનો પુરુષાર્થ. એક પત્રમાં "સાગર" લખે છે કે "જગતને જોવાની ખરી દૃષ્ટિ જ એ છે કે તેને નિર્ગુણ બ્રહ્મનું સગુણ સ્વરૂપ જોવું અને દેહાધ્યાસનું નાનકડું "હું" ઓગાળી ગયા પછી, એની મેળે જ- આપોઆપ અચાનક જ- अहं ब्रह्मास्मि — નું મોટામાં મોટું "હું" સર્વત્ર અને સર્વકાલ જાગતું જ અનુભવાય છે. ત્યાં તો આખું જગત જ જગતરૂપે નહીં, પણ બ્રહ્મની સુન્દરમાં સુન્દર મૂર્તિરૂપે પ્રત્યક્ષ થાય છે અને ખરી હકીકત પણ એ જ છે કે, બે આંખે જણાતી વસ્તુમાત્ર બાહ્યરૂપે ભ્રમ માત્ર છે, પણ ત્રીજી આંખે જોતાં બ્રહ્મ સિવાય કોઇપણ ભિન્ન વસ્તુ વિદ્યમાન જ નથી. હું-તું-તે એ બધાં સર્વનામો એક જ સર્વોપરિ નારાયણના નામમાં ઓગળી જાય છે.[૫૨]

પ્રબળ પુરુષાર્થ અને એકાન્ત સેવનની અગત્ય સમજાવતાં "સાગરે" એક પત્રમાં કહ્યું છે:

...........

[૫૨] એજન, પૃ. ૧૬૦

"સંસારની લાલસાના અનેકાનેક જન્મોના દૃઢ થઇ ગયેલા અધ્યાસોને વિસ્મૃત કરવા એ પ્રબલ પુરુષાર્થ વિના બનતું નથી, અને પ્રેમભકિતના યોગમાં લીન રહેવાથી જ એ પુરુષાર્થની ખરી દિશા મુમુક્ષુ મેળવી શકે છે. એકીકૃત થયેલી હૃદયભાવના વડે ઉત્પન્ન થયેલી એકજ પ્રબળ ઇચ્છા ઠેઠ સુધીનો માર્ગ કાપી આપે છે."

"અબ તો મેરા રામનામ, દૂસરા ન કોઇ" એવી ભાવના દૃઢ થયા પછી એકાન્તસેવન પણ જરૂરી છે. ચંચળ મનનો સ્વભાવ જ અસ્થિરતાનો હોવાથી એ અનેક પ્રકારના સંસ્કારો હૃદયમાં છાપતું જાય, ભૂંસતું જાય અને વળી લાખો વાર છાપતું જાય- આનો એનો વ્યાપાર જ મનુષ્યના જન્મ-મૃત્યુંનું ને કલેશનું કારણ છે. એ મનને એક જ સર્વોપરિ સત્યમાં લગાડવું, કેદ કરવું, શમાવવું, અને બ્રહ્મરૂપે વિસ્તારવું એ જ જીવાત્માનો પરમ પુરુષાર્થ.

"મારે સાચું જીવન જીવવું જોઇએ એવો દૃઢ સંકલ્પ તીવ્ર ઇચ્છા, તીવ્ર વૈરાગ્ય પછી જ અભ્યાસ ને એકાન્ત જીવન પછી કુદરતની તાકાત જ નથી કે એ માર્ગ આપ્યા વિના મૂંગી બેસી રહી શકે. ઇચ્છાની અપૂર્ણતા જ આ માર્ગમાં મોટામાં મોટો વાંધો સંસારીને આડે આવે છે."

બીજા એક પત્રમાં પણ "સાગર" કહે છે કે: "બીજી બધી ઇચ્છાઓને હોમી દઇને આત્માનુભવની એ એક જ ઇચ્છા જ્યારે કેન્દ્રમાં આવે છે ત્યારે જગત તરફ એની મેળે જ આંખો મીંચાઇ જાય છે, અને બાપુ, એનું જ નામ યોગ છે- ભકિત છે અને સ્થિતિનાપરિણામને જ્ઞાન અથવા અનુભવ કહીએ છીએ. એક પત્રમાં માયાનું સ્વરૂપ અને મનોનાશનું મહત્વ સમજાવતાં "સાગર" કહે છે કે "માયાનું મૂળ તે મન છે, રાગ, વિરાગ, બંધન, મુકિત અને સુખદુ:ખ એ બધું મનને લીધે જ છે. અને મનને જ પકડીને પરમ સતમાં તાદાત્મ્યનો અનુભવ કરાવવાને આ બધું થાય છે. [૫૩]

...........

[૫૩] એજન, પૃ. ૨૫૬.

અનન્ય પ્રેમ દ્વારા મન પરમાત્મામાં લીન થતાં આત્માનુભવ થઇ શકે છે એ સમજાવતાં "સાગર" એક પત્રમાં કહે છે કે: "દૃઢતા અને મનની પરમાત્મપરાયણતા એ એક જ માયાને જીતવામાં સૌથી વધારે ઉપયોગી છે. જે કંઇ જગતમાં બને છે અને બનશે એ કંઇ મૂલ વસ્તુમાં બનતું નથી. ઉટગ ઊભું કરેલું ચીતરામણ - અને એનુ નામ જગત- એવા મિથ્યા ચિતરામણના જગતને ખરું માનીને જ શોક, મોહ, ક્રોધ અને લોભ, કામ વગેરે ષડરિપુઓનો નિભાવ કરવામાં આવે છે.[૫૪]

અલૌકિક પ્રીતિયોગ દ્વારા ચિત્તની પૂર્ણ એકાગ્રતાને જ "સાગર" આત્મસાધના માટે અત્યન્ત આવશ્યક ગણાવે છે: રાજયોગ, હઠયોગ, કે જ્ઞાનમાર્ગ- ગમે તે પ્રકારે પણ ચિત્તની પૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત કરવાના પુરુષાર્થની ખરેખરી ગરજ છે. ચિત્તની એકાગ્રતા સાધ્ય કરવી જ જોઇએ અને પરમાત્માનો સ્વાનુભવ થવાનું જે કર્તવ્ય છે તેમાં એ એકાગ્રતા સર્વથી મુખ્ય છે.[૫૫]

ચિત્તની એકાગ્રતા માટે વાસનાક્ષય અને અનન્ય પ્રેમ- વિશુધ્ધ પ્રેમ જ આબાદ ઇલાજ છે એ સમજાવતાં "સાગર" એક પત્રમાં જ કહે છે: "પોતાને ભૂલી જવું એ સઘળા ધર્મોનો સાર છે. સઘળાં સ્નેહોનો પણ એ જ સાર છે, પણ - પોતાને ભૂલી જવું એટલે એક વાત તો એ કે આ બધું જગત જેવું દેખાય છે તેવા રૂપમાં જોવાની જૂની દૃષ્ટિને પ્રભુમાં ભેળવી દેવી અને બીજી વાત એના જ અનુસંધાનમાં કે શરીરને ભૂલી જવું એટલે મનને આત્મામાં લીન કરી દેવું. આ બન્ને નો સાર એ જ કે પરમાત્મામાં પુરેપુરં જીવવું.[૫૬]

...........

[૫૪]એજન, પૃ. ૧૬૪

[૫૫]એજન, પૃ. ૪૮૬

[૫૬]એજન, પૃ. ૩૮૦

વાસનાક્ષય માટે પોતાનું હું પણું – અહંતા હોમતાં તે માટે એકાન્ત નિવાસ અને પરમાત્મામાં વૃત્તિની સતત લીનતાની આવશ્યકતા સમજાવતાં શોભનાને લખેલા એક પત્રમાં 'સાગર' કહે છે કે: "જગતને બાહ્યમાં ભૂલી જવું એ સત્સંગ વડે, અભ્યાસ વડે અને પ્રેમની લીનતા વડે બની શકે એવું છે પણ મનને કાયમનું બ્રહ્મલીન અનુભવવું એ તો પ્રારબ્ધ સંચિતની બધી જ વાસનાઓ ક્ષય કર્યા સિવાય બનવું મુશ્કેલ છે અને એ વાસનાઓ પૂર્ણતપ, એકાન્ત નિવાસ અને સતત લીનતા વિના ઓગળી જાય નહિ એવી માતબર હોય છે.[૫૭]

બીજા એક પત્રમાં પણ આ જ હકીકતનું નિરૂપણ છે.

"ખરું સુખ આત્માના અનુભવમાં છે– વાસનામાત્રને પ્રેમના વિરાટ સ્વરૂપ જ્યોતિમાં બાળી દીધા વિના– મનને આત્મામાં શમાવ્યા વિના કદાપિ પણ આત્માને સ્વાનુભવ થતો નથી.[૫૮]

પ્રેમ અને શ્રધ્ધા દ્વારા મનશમન થઇ શકે છે એ 'સાગર' સ્વાનુભવ વડે સમજાવતાં એક પત્રમાં કહે છે:

"હૈયાની માટી રોજ ને રોજ ખૂબ સાફ કરીને એમાં મીંડાથી શરૂઆત કરીને એકડો હરદમ ઘૂંટયાં જ કરજે. ભાવ અને ભરૂસો એ બે આપણાં પ્રાચીન સંતોએ મોટી વાત ગણી છે, અને ક્રાઇસ્ટ પણ પ્રેમ અને શ્રધ્ધાને જ પ્રભુદર્શનના મહત્વના તત્વો બતાવે છે."[૫૯]

...........

[૫૭] એજન, પૃ: ૩૮૧

[૫૮] એજન, પૃ. ૪૬૩

[૫૯] એજન, પૃ. ૪૯૬

અજાતવાદ અને સૂફીવાદના સમન્વય દ્વારા "સાગરે" પોતાની સાધના પૂર્ણ કરી હતી, એટલે "સાગર" પ્રેમની અનન્ય વૃત્તિથી મનોનાશ દ્વારા પરમાત્મપ્રાપ્તિનો પોતાનો સ્વાનુભવ એક પત્રમાં આ પ્રમાણે સમજાવે છે. "ઐહિક અને એટલે કે ક્ષણધ્વંસી પદાર્થોને અને સુખોને મહત્વ આપવાની આપણને પડી ગયેલી ટેવ આપણે છોડી દઇને ફકત પ્રેમની એકની જ સત્તાને આદર આપવા માંડીએ એટલે પ્રભુના ઘરનું દ્વારા એનીમેળે આપણી નજીક આવવા લાગે છે. અભ્યાસ આ પ્રકારનો વધતાં વધતાં જીવનું જીવપણું વિલય પામવા માંડે છે અને તે પ્રભુમાં જીવતો હોવાથી પ્રભુતા સ્પષ્ટ અનુભવવા માંડે છે. અરે· તે પ્રભુ બનવા લાગે છે અને છેવટે એ જ માર્ગ -પ્રેમમાં જીવન જીવવાનો માર્ગ તેને પ્રેમમાં ભેળવી દે છે- તેને ખુદ પ્રેમસ્વરૂપ બનાવે છે, પ્રભુ બનાવે છે. મનને જીતવું એ જ પ્રભુ બનવાની મુખ્ય ચાવી છે."[60]

ઇ.સ. ૧૯૧૪ માં પોતાના ભાઇ શ્રી. મણિભાઇને હિમાલયથી મોકલેલા એક અપ્રસિધ્ધ કાવ્યમાં "સાગર" આત્માનુભવનો આનન્દ વ્યકત કરતાં કહે છે કે,

"પ્રેમ ને હર્ષ નો, ઉછળે ઉરાબ્ધિ- છાતીથી ચંપાતી છાતડિયાં.
ભાંગ્યો ભરમ ત્યાં, પાયો મરમ હાં, રંગે રમાતી સારી રાતડિયાં.
કૃપા ગુરુજીની જુવો- સાગરા. ઉતરી ભવપાર તોરી નાવડિયાં.
દાસડિયાં અજી દાસડિયાં. અને ત્હારા સદા ય દિલ દાસડિયાં.[61]

ઇ.સ. ૧૯૧૫માં લખાયેલા એક પત્રમાં "સાગર" પોતાનો સ્વાનુભવ વ્યકત કરતાં કહે છે કે, "વ્યકિતનો સ્નેહ એ માયા માત્ર છે, તમારે જાતે તમારાં આંસુઓનું હવે ધીમે ધીમે પૃથ્થકરણ કરવું જોઇએ, અને શ્રી. હરિને શરણે બધો મામલો સોંપી દઇને નચિંત થવું જોઇએ.[62]

.......

[60]એજન, પૃ. ૨૯૫

[61]એજન, પૃ. ૩૦૯

[62]એજન, પૃ. ૩૨૮

ઇ.સ. ૧૯૧૬ માં લખેલા એક પત્રમાં "સાગર" મનના સંયમ માટે દૃઢ નિશ્ચય અને વીરતાનું મહત્વ સમજાવતાં કહે છે કે, "વિચાર અને વર્તનના વિરોધનો વ્યભિચાર મન ઉપર કયાં સુધી સત્તા ભોગવશે. જયાં સુધી આપણે ભોગવવા દઇએ ત્યાં સુધી જ એની સત્તા આપણા પર ચાલે છે. આપણે વીરત્વથી આંતરસંગ્રામ કરવા માંડયો કે તરત જ અસુરો ડરીને તાબે થાય છે એવો સેવકનો તો સ્વાનુભવ છે.[૬૩]

ઇ.સ. ૧૯૧૭ ના પ્રારંભમાં લખેલા એક પત્રમાં "સાગર" મનનો નાશ અને વાસનાક્ષય માટે વૈરાગ્ય એટલે પ્રભુપ્રેમ અને અભ્યાસનું મહત્ત્વ સમજાવતાં એક પત્રમાં કહે છે કે, "મનોનાશ અને વાસનાક્ષય એ જ જીવને મનુષ્યશરીરમાં વસીને કરવા નું પુરુષાર્થ છે. બેપણું કદાપિ સ્ફુરવું ન જોઇએ એ જ આ જીવનનો હેતુ છે. "વૈરાગ્ય" એટલે સર્વસ્વાર્પણે પ્રભુપ્રેમ એ આવે એટલે અભ્યાસના બધા માર્ગો આપણને ગુરુમહારાજ બતાવે છે અને અભ્યાસ કરવાની આપણી વૃત્તિને વૈરાગ્ય જ સતેજ બનાવી શકે છે."[૬૪]

હિમાલયની પોતાની સાધના પૂર્ણ કર્યા પછી "સાગરે" ચિત્રાલ :તા:પાદરા: માં પર્ણકૂટિ બાંધીને તપશ્ચર્યાયુકત સાત્ત્વિક જીવન ગુજાર્યું હતું. ઇ.સ. ૧૯૧૮ ના અંતમાં ચિત્રાલ આશ્રમથી લખેલા એક પત્રમાં પોતાની આધ્યાત્મિક દશાનું નિરૂપણ કરતાં "સાગર" કહે છે કે, "આટલા યુગોના લાખવિધ ખેલન પછી હવે એ મસ્તીને છેલ્લે શિખરે મઝા માણી રહ્યો છે- જયાં નથી દેહ, નથી દિલ, નથી દુનિયા અને ૐ શાંતિ તો ધણિયાણીની પેઠે સર્વવિધ જયારે જયારે શરીરની પાર હરદમ એકઠી રહેલી નવીન સંગીતની સારીગમ સુણાવી રહી છે."[૬૫]

...........

[૬૩]એજન, પૃ. ૨૬૮

[૬૪]એજન, પૃ. ૨૬૯

[૬૫]એજન, પૃ. ૩૧૪

ઇ.સ. ૧૯૨૦માં લખેલા એક પત્ર દ્વારા "સાગર" પોતાના વિકાસનો ક્રમ દર્શાવતાં પોતાને માટે કહે છે, "ત્રિગુણી પ્રકૃતિનું બનેલું આ નામ ધાટ અને ગુણોનું તાબૂત જાતે જ એક અટપટો કોયડો ઉકેલી શકે તે જ મનુષ્ય અને તે જ વી. ૦૦ ૦૦ ૦૦ જેનામાં દિલને અને દુનિયાને બંનેને જીતવાની વીરતા હોય તો જ આ ત્રિગુણી પ્ર કૃતિનાં બનેલાં શરીરને ચીરી શકે છે. ભગવાન મનુ મહારાજ, બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય અને ભગવાન વ્યાસ જેવા દૃષ્ટાઓને આંતરમાં પી જાય અને પચાવી જાય તે જ મનુષ્ય જીવન સાર્થક કરે. ૦૦ ૦૦ ૦૦ આવું ભતૃહરિને મયુરધ્વજને, ગોપીચંદને અને બીજા ઘણાં વીરોને આગ્રહપૂર્વક લાગેલું ૦૦ ગુરુમહારાજની અને સંતોની દયાથી "સાગર" વીર બન્યો છે. ૦૦ બે જાતનાં જીવન એટલે સિધ્ધાંતમાં, એક વાત અને પ્રેકટીકલ જીવવામાં બીજી વાત. તેને હું અસલથી જ વ્યભિચાર કહેતો આવ્યો છું. દિલમાં દુનિયાદારી અને પ્રભુનો સ્નેહ એ બે વાત કદાપિ સાથે બની શકે નહીં. જે બનાવે એકી તો જીવનમુકત કે કાં તો પરમાત્માને ઠગનાર ૦૦ ૦૦ ૦૦ "સાગર" ૧૨ વર્ષ પહેલાં આ વાત બોલ્યો છે. અને સૌ કોઇ "દીવાને સાગર" ના પાનામાં "સાગર" ને દિલની અને દુનિયાદારીની સામે સતની સમશેર લઇને એ જ વ્યભિચારના દુશ્મન તરીકે ઉભો રહેલો જુએ છે. આવો આ "સાગર" અમારું જાહેરનામુ ૧૯૦૯, સૌથી પહેલી ગઝલ :૧૯૦૧: તુરત જવાબ :૧૯૧૩: અને હમ તો અડભંગી બાવા ૧૯૧૭-૧૮ અને છેલ્લો અપરિમિત ધનચકકરનો નકશો અને તેની ગાઇડસ ૧૯૧૯ ... ... ... ચોવીસે કલાક આાધભૌતિક અને આાધ દૈવિકમાં અને આધિદૈવિકને આધ્યાત્મિકમાં હોમતા જવાની કાયિક, વાચિક અને માનસિક ક્રિયા એટલે પરમાત્મદર્શનનો અધિકાર. જે જેટલું ને જેવું હોમે તે તેટલું ને તેવું પામે. ફેરમાત્ર સ્વરૂપમાં. પીંડ હોમે તે બ્રહ્માંડ પામે, જીવ હોમે તે શિવ પામે, અહંકાર હોમે તે અહં બ્રહ્માસ્મિ પામે, બીજા બધા સમાગમો હોમે તે શ્રી.હરિગુરુદેવનો સમાગમ

પામે. આધિભૌતિક તમામ બાબતોને ભોગે આધિદૈવિકમાં થઇને આપણે આપણું આ જીવાત્માનું અસલ જીવન પામવું જોઇએ, માણવું જોઇએ. એ વખતનો નકશો ગુરુમહારાજે આપ્યો છે ... ... ...
એ આધિભૌતિક પ્રવાહે, જીવાત્માના અસંપૂર્ણ પ્રવાહી ગતિમાં જે આધિભૌતિક વિક્ષેપો નાંખ્યા હોય એ સૌથી પહેલાં હોમતાં જવું જોઇએ. અને એમ પંકિતઓ કાવ્યની લખાવે છે". ઉલટા મારગ ચલે અસલસે વો માલિક સે મીલતા. હમ તો અગમ દેશ કે જોગી. બાબા. અલખ નગર હૈ જી. "[66]

હિમગિરિ નિવાસ દરમિયાન પોતાને પ્રાપ્ત થયેલા આત્મસાક્ષાત્કારનો અનુભવ એમના પરમ સ્નેહી શ્રી. મોહનલાલ ગાંધીને દર્શાવતા "સાગર" એક પત્રમાં કહે છે કે, "સ્થૂલ ભૂમિકાને જ હું સર્વસ્વ માનતો હતો. ... ...
પણ વર્ષો વીત્યાં અને એ અનન્ત દયાએ, એ અનન્ત પ્રેમે એક પડદો ઊંચો કર્યો. એ સ્થૂલ શરીરની પારની ભૂમિકા હતી. એ હિમાચલ અને એ જાહ્નવી. સ્ત્રીને સ્ત્રી જોનારી અને પુરુષ જોનારી દૃષ્ટિને એ દર્શન પચાવવું બહુ મુશ્કેલ હતું. એ સૂક્ષ્મ શરીરની ભૂમિકા હતી. ... ... અહીં કામલોક ન હતો, અહીં જગતની ભિન્ન ભિન્ન આકર્ષક આકૃતિઓ ન હતી. અહીં તો પ્રેમ ને શ્રધ્ધાની મૂર્તિઓ હતી. ભાવનામય આકૃતિઓ હતી. વિશ્વ સૂક્ષ્મ હતું, અને નવા જન્મેલા બાળક જેવું રૂપાળું હતું. જ્ઞાનની વિષમતાઓ બધી અહીં તો પ્રેમની સરળતા બની હતી. વર્ષો પાછાં વીત્યાં. દૃષ્ટિ ટેવાવા લાગી અને ઝઘડા લય થતા ગયા. યુધ્ધો આળસી જવા લાગ્યાં અને એ અનન્ત દયાનું, એ અનન્ત વાત્સલ્યનું, એ અનન્ત પ્રેમનું અંદરને આસપાસ બધે તંત્રીત્વ અનુભવવા લાગ્યું. ... ... એવામાં એક દરવાજો ઉઘડવા લાગ્યો. એમાં કારણ શરીરનું સ્પષ્ટ દર્શન હતું. ત્યાં મૂર્તિઓ ન હતી, ભાવનાઓ ન હતી, પણ કંઇક હોય એવું દેખાવા લાગ્યું.[67]

...........

[66] એજન, પ. ૩૨૦ થી ૩૨૪

[67] એજન પૃ. ૩૦૦

બીજા એક પત્રમાં શ્રીસાગરજી પોતાનો હિમાલયના સાધનાકાળ દરમિયાનનો પોતાનો અનુભવ દર્શાવતાં કહે છે કે "હિમગિરિ વ્હાલા પ્રેમ સ્વરૂપ માશૂકે કોઇ અદભુત સુવર્ણકાલની બક્ષિસ નવાઝી કે જેનું સ્થિત્યંતર નથી જ થતું. સૂક્ષ્મ શરીરની ભૂમિકા પર જોયેલું જગતરૂપી આ નવું અવતરેલું બાળક ધીમે ધીમે વરસો જતાં ગયા તેમ તેમ નાનું નાનું થતું જાય છે, અને એ સ્થિતિએ મને ધીમે ધીમે સૂક્ષ્મ ભૂમિકામાંથી "કારણ" ની અન્તરંગ ભૂમિકાનો માર્ગ બતાવ્યો.

અને આ ભૂમિકા? જ્યાં જગત જ નથી ત્યાં સ્ત્રી અને પુરુષ નું તો હોવું જ સંભવે શી રીતે. પણ બસ. મારાથી નથી લખાતું- ~~નથી લખાતું~~ નથી બોલાતું - નથી બતાવાતુ એ અનુભવનેત્ર.

o o o

મહિમા અનિર્વાચ્ય દીઠો!
સૈયાં! તારો મહિમા અનિર્વાચ્ય દીઠો
નેહ થતાં પ્રગટ્યો વિરહાગ્નિ!
ઝંપ્યો અધરરસ પીધો!
સેવક સાગર! કારજ તારો,
ધન્ય. જતન વિણ સિધ્યો!
સૈયાં! [68]

.. .. ..

...........

68 દીવાને સાગર- ૧, "~~[illegible]~~ ~~[illegible]~~" પૃ. ૪૧૯

ઠેઠ જઇને બેઠો બાવા!

ઠેઠ જઇને બેઠો,

કલા કારમી! સબ સંપૂરન -

હરિથી જરી ન હેઠો!

ચતુરાતીત ચિહ્નિ-યો ચિદઘનમાં

પુરી બ્રહ્મમાં પેઠો.

oo oo oo

બ્રહ્માનંદ લહર - મહા સાગર -

આપ્પે આપ્પો "હું" મેટયો! બાવા! ઠેઠ.[૬૯]

અનુભવ બ્રહ્મ હમારો:

હો સન્તો! અનુભવ બ્રહ્મ હમારો.

એક આલંગી, અનામી નિજાત્મા;

ફેલ રહ્યો ઉજિયારો! હો સન્તો!.

કિસીકો ન નિન્દુ: મૈ બન્દુ કિસીકો!.

કોઉ નહીં મોંસે ન્યારો! હો સન્તો.[૭૦]

'સાગર' મહારાજના વ્યકિતત્વ અને સ્વભાવે આ પૂર્ણતામાં અત્યન્ત મહત્વનો ફાળો આપ્યો હતો.

આપણે આગળ જોઇ ગયા તેમ, ઇ.સ. ૧૯૦૮-૦૯ માં "સાગર" "મોઢ બ્રાહ્મણ" નામે જ્ઞાતિનું માસક કાઢતા. તે વખતે જ્ઞાતના અનેક કુરિવાજો સામે એમણે સખત શબ્દોમાં ટીકા કરેલી. આને લીધે રુઢિચુસ્ત ન્યાતીલાઓનો એક પક્ષ 'સાગર' વિરુધ્ધ ઊભો થયો. વિરુધ્ધ પક્ષ માટે એમણે પોતાના માસિકના મુખપૃષ્ઠ ઉપર મોટા અક્ષરે નીચેની પંકિતઓ લખીને છપાવી.

...........

૬૯એજન, દ.૨, [redacted] પૃ. ૧૫૦

૭૦એજન, દ.૧, "[redacted]" પૃ. ૩૭૨

છોને અનેકાનેક તલવારો ઝઝૂમે શિર પરે ,
છોને બુરાઇ માનીને મિત્રો બધા વેરી બને,
છોને દયાહીન દુશ્મનો બહુ ઝુલ્મી લશ્કર મોકલે,
તોયે ડરે ના જે કલમ- હિત, સત્ય, સ્નેહ અનુસરે.[૭૧]

નિષ્પક્ષપાતી દૃઢ કલમને માટે આ પંકિતઓ લખાઇ છે તેવો જ એમનો આગ્રહી દૃઢ સ્વભાવ અને સિધ્ધાન્ત પ્રમાણે જીવનમાં આચરણ હતું. અપ્રસિધ્ધ પત્રોનો અભ્યાસ સ્પષ્ટ દર્શાવે છે કે શ્રી. ભગવાનજી મહારાજ, સ્વામી સ્વયંજયોતિતીર્થ, શ્રી. કેશવલાલ અં.ઠક્કર, સ્વ.શ્રી. પાગલ મહારાજ :શ્રી. જગન્નાથ શર્મા: અને એવી વણનોંધાયેલી તો અનેક વ્યકિતઓ હશે જેમની સાથે આધ્યાત્મિક માર્ગમાં માર્ગદર્શક તરીકે કાર્ય કરવાનું શરૂ કર્યા પછી સિધ્ધાન્તની બાબતમાં એમને લાગ્યું કે એ વ્યકિતઓ પોતાના માર્ગદર્શન પ્રમાણે પોતાના હૃદય દૌર્બલ્યને કારણે કાર્ય કરી શકે તેમ નથી તે સમયે જ એમણે એમની સાથેના આધ્યાત્મિક સંબંધનો જરાયે પણ પરવા કર્યા વિના ત્યાગ કર્યો હતો.°

આવો હતો એમનો સિધ્ધાન્તપાલનમાં દૃઢ આગ્રહ- એમનું દૃઢ મનોબળ અને એવું જ એમનું પોતાનું જીવનમાં આચરણ- જેટલું પોતે માનતા તેટલું એ બેધડક આચરણમાં મૂકતા તેથી જ પોતાનું જીવન તેજસ્વી અને પ્રભાવશાળી તે કરી શકયા એ સમજાવતા એક પત્રમાં તેમણે લખ્યું છે કે: "જીવનને એટલે જિન્દગાનીને ધર્મથી કે સતથી હું કદી જુદી પાડી શકતો નથી- જ્ઞાન અને અનુભવ મને કહે છે કે કોઇપણ સન્ત જ્ઞાન કે સતથી જિંદગીને જુદી રાખી શકે નહીં- રખાય જ નહીં - માનવું એક અને કરવું બીજું એ જ લબાડીપણું કહેવાય - એ જ બાયલાપણું કહેવાય.[૭૨]

...........

[૭૧] એજન, ૧ [redacted] પૃ.૭૩

[૭૨] "સાગર" ની પત્રરેખા", પૃ. ૩૨૨

'સાગર' આ પ્રકારના આચરણ માટે "વ્યભિચાર" શબ્દ વાપરતાં કૌટુમ્બિક સંબંધોમાં પણ સત્યપાલન કરવાનો અને કરાવવાનો તેમણે દૃઢ આગ્રહ રાખેલો. એક પ્રસંગે એમણે એમનાં પત્ની માતાજી ભાગીરથીને ઉદ્દેશીને લખ્યું છે:

છે કામમાં ન પુરુષત્વ, અસુરતા છે:
ને ભિન્ન વિશ્વથી થવું, મુજ કામના એ:
બધાં છે તેમ તુંયે છે: મારો પન્થ નહીં ફરે,
વધવું હોય સાથે તો, પોતાને પગ ચાલજે.[૭૩]

સિધ્ધાંતોના પાલનમાં દૃઢ આગ્રહ અને ગમે તે ભોગે પણ એ સિધ્ધાન્તો વડે નિશ્ચિત કરેલા માર્ગે ઝડપી ગાત એમના વ્યક્તિત્વનું પ્રધાનલક્ષણ ગણાવી શકાય. જેટલું એમનું મનોબળ દૃઢ હતું તેટલા જ પોતે સ્વભાવમાં કડક અને ગુસ્સા વાળાં હતાં. ભલાભલા રાજવંશીઓ અને તે સમયના બ્રિટીશ અને વડોદરા રાજ્યના અમલદારો એમની પુણ્યપ્રભાથીઅંજાઇ જતા અને એમનું બેપરવા અને કડક વર્તન સહી લઇને પણ એમના દર્શન અને સત્સંગ માટે આવતાં.

એમના જીવનનો બીજો એક સિધ્ધાન્ત એ હતો કે સત્સંગ ભલે ન થાય, પણ કુસંગ તો ન જ થવા દેવો અને એટલા માટે એ અસંગ રહેવાનું પસંદ કરતા. એમની ઉત્તરાવસ્થામાં ગુજરાત ભરમાં એક ઉચ્ચ કોટિના સન્ત તરીકે એમની કીર્તિ પ્રસરેલી હતી, અને પાદરા તાલુકાના ચિત્રાલ ગામમાં જ્યાં એમનો આશ્રમ સ્થપાયો ત્યાં અનેક ભાવિકજનો એમને મળવા આવતા.

પોતે બાર ચાદ કલાક ભજનમાં જ ગાળતા એટલે દર્શનાર્થે વારંવાર આશ્રમમાં આવીને કોઇ ભજનમાં વિક્ષેપ ન પાડે તે માટે આશ્રમના કંપાઉન્ડના દરવાજાને પોતે અંદરથી તાળું વાસતા. આવું થતું ત્યારે પોતે જાતે જ કંપાઉન્ડના બારણા આગળ આવીને આગન્તુકને પૂછતાં કે: "ભાઇ શું કામ છે? "અમારે

...........

[૭૩] 'દીવાને સાગર'-૧, પૃ. ૫૦ [illegible].

"સાગરજી મહારાજના દર્શન કરવાં છે". "સાગર મહારાજ તો હું જ છું. દર્શન કરી લ્યો. મને વધારે વખત નથી." આમ કહી પોતે પોતાના ભજનકાર્યમાં રોકાઇ જતાં. લોકોની સાથે નાહક વખત બરબાદ ન કરવો પડે તો તે માટે પોતે કંપાઉન્ડમાં બારણા આગળ અંગ્રેજીમાં સારા અક્ષરે લખેલું પાટિયું ચોઢી રાખતાં કે Entrance must be approved. નીચે ગુજરાતીમાં લખેલું કે, "પૂછીને પછી જ પેસવું".

એકવાર એવું બન્યું કે સુરત જીલ્લાના તે સમયના એકઝીકયુટીવ એન્જીનીયર શ્રી. એમ.ટી.અડાલજાએ એક સારા સન્ત તરીકે શ્રી. "સાગરજી" ની ખ્યાતિ સાંભળી એમના દર્શનાર્થે આશ્રમે આવ્યા અને અંદર આવવાની પરવાનગી માગી. ત્યારે એમને મુલાકાત માટે પાંચ જ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. પાંચ મિનિટ પૂરી થયા પછી એમની ભાવના જોઇ એમણે કહ્યું હતું કે "હવે ફરી અગાઉથી સમય નકકી કરીને આવશો તો હું બે દિવસ તમારી સાથે ગાળીશ" તેમ છતાં ગામમાં પ્રથમ સમયે એમની રહેવાની- જમવાની સંપૂર્ણ વ્યવસ્થા એમણે તરત જ આવેલા હોવાથી કરાવેલી.

એમનું આતિથ્ય પણ એમના સ્વભાવનું એક વિશિષ્ટ લક્ષણ હતું. ગમે તે વ્યકિત એમને ત્યાં આવી હોય તો પણ એમના આશ્રમની ચાની કટોરી પીધા વિના તે કદી પાછી ગઇ નથી. એઓ કદી પણ એકલા ચા પીતા જ નહીં. કોઇ ન હોય તો કોઇને બોલાવીને પછી જ ચા પીતા. અતિશયોકિત વિના કહી શકાય કે કોઇપણ દિવસ પંદરેક વારથી ઓછી ચા દિવસમાં ભાગ્યે જ થઇ હોય.

એમની ભોજન વ્યવસ્થા પણ એવીજ. ભોજન સમયે આશ્રમમાં જેટલી વ્યકિતઓ હોય તે બધાની પત્રાળીઓ પોતે જાતે જ બધાની જમવાની શકિત પારખીને - પીરસી દેતા. બસ, ફરીથી પીરસવાનું રહેતું જ નહીં. કોઇને ફરી લેવાની અપેક્ષા જ રહે નહીં. જમવાનું પીરસાતા પહેલાં બધાંને પંગતે બોલાવી લેતા, આશ્રમને અંદરથી તાળું મારી દેતા અને પછી "ગુરુ ગુરુ ગુરુ દેવકી જય" ની ધૂન ચાલતી. વચ્ચોવચ ફૂલની થાળી અને ધૂપદાની તો હોય જ.

ધૂનની સમાપ્તિ થતી અને બધાં જ સાથે બપોરનાં દોઢ બે ના સુમારે એક જ વાર જમી લેતા.

સંસારના દાવાનળમાં દાઝેલા એવાં અનેક જીવાત્માઓ સાચી શાન્તિની શોધમાં "સાગર" પાસે પ્રભુપ્રાપ્તિનો માર્ગ પામવાને આવતાં. એવાઓને સાંત્વન આપી "સાગર" પોતાના અદભુત વ્યક્તિત્વ દ્વારા એમનો વૈરાગ્ય દૃઢીભૂત કરતા અને પ્રભુભક્તિને માર્ગે ઊંચકી લેતા.

આવી વ્યક્તિઓમાં સામાન્ય માનવીઓ, સ્ટેટના દરબારો, મિલમાલિકો, હરિજનો, વેપારીઓ, અમલદારો એમ વિવિધ વર્તુળની વ્યક્તિઓનો સમાવેશ થતો. એમને રાજશાહીની કે અમલદારશાહીની કશી જ પડી નહતી. બધાને પ્રભુ ભક્તિનો બોધ આપતાં અને સંતોના અને પોતાના ભજનો તંબૂરા પર ગાઇ બજાવતાં.

એમની પાસે આવનારા ભેટ રૂપે કંઇ દ્રવ્ય મૂકતા તો એ કદી સ્વીકારતા નહીં, કહેતા કે જ્યારે મને જરૂર પડશે ત્યારે ખાસ, લખીને મંગાવી લઇશ. એ પોતે માનતા કે પ્રભુનું રાજ્ય એ ઉપયોગોનું રાજ્ય છે.

અને તેથી મનુષ્યને જ્યારે જ્યારે જે જે વસ્તુઓની જરૂર પડે ત્યારે ત્યારે તેને તે તે વસ્તુઓ મળી જ રહે છે. એથી વધારે એટલે કે જરૂરીયાતથી વધારે વસ્તુઓ કે મિલકત સંઘરવી કે સંઘરવા માટે પ્રયત્ન કરવો એ ગેરકાયદે છે, પાપ છે:

આ સિધ્ધાંત અનુસાર એમના જીવનનો એક વિશિષ્ટ બનાવ અહીં નોંધવો જોઇએ:

ઇ.સ. ૧૯૧૫ માં, હિમાલયમાંથી પાછા ફર્યા પછી એમણે એક માટીના બનાવેલા આશ્રમમાં ચિત્રાલ તા: પાદરામાં ગામ બહાર રહેવાનું શરૂ કર્યું. થોડાંક વર્ષો વીતાવ્યા પછી એમને લાગ્યું કે મારે મારી પાસે એક

નાનામાં નાની વસ્તુ પણ રાખવાની શી જરૂર છે. વાસનાને નિર્મૂળ કરી બાળી નાંખ્યા પછી પોતાની કસોટી ફરી ન કરતા હોય તેમ એમણે પોતાના આશ્રમની તમામ વસ્તુઓ જેને જરૂરિયાત હોય તેમણે લઇ જવી એવું જાહેર કર્યું.

અને પોતાનો આખોયે આશ્રમ- તેની બધી જ વસ્તુઓ લૂંટાવી દીધી અને જનસમાજની સ્વાભાવિક વૃત્તિ અનુસાર આખોયે આશ્રમ ખાલી થઇ ગયો. થોડાંક વર્ષો ફરી વીત્યાં. આશ્રમની જરૂરિયાતની વસ્તુઓ ફરીવાર બીજી વખત પણ લૂંટાવી દીધી.

બબ્બે વખત આમ, શ્રી. "સાગર" મહારાજે પોતાનો આશ્રમ લૂંટાવેલો. જાણે દૃઢ વૈરાગ્ય સંપૂર્ણપણે રગેરગમાં વ્યાપ્ત છતાં હૃદયના કોક એકાદ ખૂણામાં ય વાસનાએ વાસ નથી કર્યો ને? એની ખાતરી કરવા માટે જ નહોય !

નૈસર્ગિક ઉદારતા એ "સાગર" ના સ્વભાવનું લક્ષણ હતું. કોઇ પણ કાર્ય કરતી વખતે દ્રવ્ય ખર્ચતી વખતે એ જરાયે સંકોચ ન રાખતાં. નોકરી તો એમણે એક મહિનાનો અપવાદ બાદ કરતાં, જીવનભર ન કરી તે ન જ કરી, તેમ જ બીજી કોઇ રીતે પણ દ્રવ્યનું ઉપાર્જન ન કર્યું. જાણે કે શ્રીકૃષ્ણ ભગવાનનું ગીતાનું વચન ....'તેષાં યોગક્ષેમં વહામ્યહમ્' ફલિત થતું હોય તેમ એમને કદી પણ પૈસાની ખેંચ પડી નથી. જ્યારે જ્યારે જેટલા જેટલા દ્રવ્યની એમને જરૂર પડતી તેટલું દ્રવ્ય એમના સંકલ્પ પ્રમાણે એ જ દિવસે ગમે ત્યાંથી એમને મળી રહેતું. દ્રવ્યનો એ કદી પણ સંગ્રહ કરતાં નહીં - એમણે બબ્બે વખત આશ્રમ લૂંટાવ્યો એમાં પણ એ જ હકીકત જોઇ શકાય છે.

એમણે ધાર્યું હોત તો હજારો રૂપિયાની મિલકત પાછળ મૂકી ગયા હોત પણ એમના આધ્યાત્મિક વારસા સિવાય પોતાના પુત્રને માટે બીજો કશો વારસો એમણે મૂકયો નહીં, પણ એ આધ્યાત્મિક વારસો જે પોતાની પાછળ સાચવવા માટે આપી ગયા એ એટલો અદભુત, એટલો સમૃધ્ધ અને એટલો ગૌરવશાળી છે કે બીજા કશાની કદાપિ અપેક્ષા રહે જ નહીં.

"સાગર" મહારાજે ગાયું છે તેમ:

રામ નામનું નાણું! સંતો! રામ નામનું નાણું.
ધનદોલતમાં અમે કમાયા ગુરુ ગોવિંદનું ગાણું.
સન્તો રામનામનું નાણું.[૭૪]

એમનો સ્વભાવ સદાયે પ્રવૃત્તિમય હતો. નવરા બેસી રહેવું એમને કદીપણ પસંદ પડતું નહીં. કશું કામ ન હોય તો છેવટે એક સુંદર કોરો કાગળ લઇને ઉપર લાલ પેન્સલથી એક મોટો ૐ કાર કાઢે. પછી એની પશ્ચાદ ભૂમિકા વાદળી બનાવે. પછી સારા અક્ષરે "ગુરુ ગુરુ" શાહીથી લખે. એવી રીતે એક દિવસ રાત્રે બે નકલ બનાવ્યા પછી પોતે વિનોદમાં હતા. પોતે કહે, "અલ્યા કાળા ભગત! આજ તો આખો દિવસ ધોળા ઉપર કાળું કર્યું. લોકો કેટલાંય કાળાં ધોળાં કરે છે અને આપણે ય કયાં નથી કરતા. આખો જન્મારો ધોળા ઉપર કાળું કરવામાં જ ગયો નહીં વારું." કાળા ભગતે પોતાની ઢબે જવાબ દીધો: "હરે! હરે! ખરું કહ્યું મારા પરભુ." કાળા ભગત બાજુના ગામમાંથી આવતા વૃધ્ધ ભાવિક ભકત હતા.

આવી હતી એમની પ્રવૃત્તિપરાયણતા અને વિનોદવૃત્તિ.

એમના જીવનમાં વર્ણવવામાં આવતાં કેટલાંક મહત્વના પ્રસંગો રજૂ કરી એમના અધ્યાત્મ જીવનની રૂપરેખા પૂર્ણ કરીશ.

ઇ.સ. ૧૯૨૧માં પોતાના ભાઇ મણિભાઇ ત્રિપાઠીની ગંભીર માંદગી પ્રસંગે પાલનપુર જઇને સતત ભજન કર્યું. ડોકટરોએ આશા મૂકી દીધેલી તેમ છતાં પ્રભુકૃપાથી શ્રી. મણિભાઇ બિમારીમાંથી સાજાં થયા.

ઇ.સ. ૧૯૨૨માં મોભા સ્ટેશનથી થોડેદૂર અરણ્યમાં શ્રી. મહાવીર હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી અને તે નિમિત્તે ભજનોત્સવ કર્યો. આ પ્રસંગે પચાસેક માણસોની રસોઇ બનાવેલી. રસોઇમાં માલપૂડા તૈયાર કર્યા હતા. હવે એવું બન્યું કે એમનુ નામ સાંભળી આ ઉત્સવમાં ભાગ લેવા લગભગ પાંચસો ઉપરાંત માણસો આજુબાજુના ગામોમાંથી એ સ્થળે આવતાં પોતાના આશ્રમની આતિથ્ય પ્રણાલિકા પ્રમાણે દરેક વ્યકિતને પ્રસાદ લઇને જવાનો આગ્રહ કર્યો. રસોઇની વ્યવસ્થા કરનાર મૂંઝાયા અને આવીને પરિસ્થિતિનું સૂચન કર્યું. આ પ્રસંગે હાજર હતા તે પૈકીના આમળા તા: પાદરાના શ્રી. નાનાલાલ અંબાલાલ યાજ્ઞિક જણાવે છે કે: એમણે પોતાનો ટુવાલ રસોઇ ઉપર ઢાંકી દઇને રસોઇનો એક બાજુથી ઉપયોગ કરવા સૂચવ્યું. અને કહ્યું કે આ પ્રસંગ પરમાત્માનો છે અને એમાં આપણે કશી જ ચિંતા કરવાની જરૂર નથી. બધીજ વ્યકિતઓ જમ્યા પછી પણ રસોઇ ખૂટી ન હતી. એમની પરમાત્મા પ્રત્યેની દૃઢ શ્રધ્ધા અને એમણે પ્રાપ્ત કરેલી સિધ્ધિ વ્યકત કરતાં આવા કેટલાંક પ્રસંગો એમના ભકતમંડળમાં જાણીતા છે.[૭૬]

...........

[૭૬]શ્રી. નાનાલાલ અંબાલાલ યાજ્ઞિકની મુલાકાતને આધારે.

"સાગર" ના લઘુબંધુ શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠી પાસેથી એક પ્રસંગ જાણવા મળે છે.

ઇ.સ. ૧૯૨૩-૨૪ની એ સાલ હતી. પાલનપુરથી નવમાઇલ દૂર આવેલ બાલારામ નદીના તટ પર શ્રી. બાલારામ મહાદેવનું મંદિર આવેલું છે. આ સ્થળ અત્યારે તો ઘણું જાણીતું છે. તે સમયે તો ત્યાં ગીચ ઝાડીવાળું જંગલ જ હતું. સાવ નિર્જનતા. વાઘ અને બીજા પશુઓનો ભય પણ એટલો જ હતો. આ કાલ દરમિયાન એમણે એ નિર્જન ભયાનક જગ્યાએ રહેવાનું નકકી કર્યું. આ સમય દરમ્યાન પાલનપુરથી દર રવિવારે તેમના લઘુબંધુ શ્રી. મણિભાઇ તથા અન્ય ભાવિકો નિયમિત આવતા. એક દિવસ રિવાજ મુજબ પોતાના કુટુંબ સાથે શ્રી. મણિભાઇ ભજન માટે ખાસ પાલનપુરથી આવેલા. રાત્રિનો બારનો સમય હતો. રાત્રે જીર્ણ મંદિરમાં પોતે પાલનપુરથી આવેલા ભકતો સાથે ભજનમાં સાગર મહારાજ મસ્ત હતા. તે સમયે બનેલો પ્રસંગ વર્ણવતાં શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠી જણાવે છે કે: "ભજન ચાલતું હતું, તેવામાં તેની સામેના નદીમાંના એક પથ્થર પર કયાંયથી એકાએક વાઘ આવી ચઢયો. અને ભજનમાં મસ્ત એવા આ સમુદાયને જોઇને જાણે ભજન કરવા આવ્યો ન હોય તેમ એક પથ્થર પર બેસી ગયો. વાઘના આ ઓચિંતા આગમન અંગે ભકતોમાંના કોઇકે એમનું ધ્યાન દોરતાં શ્રી. "સાગરજી" મહારાજે કહ્યું કે "એ તો ભજન સાંભળવા આવે છે. પરોઢીયે ચાલ્યો જશે. કોઇએ ડરવાની જરૂર નથી. ખરેખર સવારે ચારેક વાગ્યાના સુમારે વાઘ શાન્તિથી ચાલ્યો ગયો. પરમાત્મા પ્રત્યેની દૃઢ આસ્થા સૂચક આવા બીજા પણ પ્રસંગો ભાવિકોમાં જાણીતા છે.[૭૭]

...........

[૭૭]શ્રી. ગિરધરભાઇ પટેલ તથા શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠીની મુલાકાતને આધારે.

એમની મસ્ત દશાનો ચિત્રાલ આશ્રમનો એક પ્રસંગ પણ અહીં નોંધવો જોઇએ. હૃદયના એકાદ ખુણામાં યે વાસનાનો અંશ પણ રહ્યો નથી. એની પ્રતિતિ કરવા બબ્બે વખત પોતાનો આશ્રમ લૂંટાવ્યા પછી એમને લાગ્યું કે થોડોક સમય દત્ત દિગમ્બરની માફક દિગંબર અવસ્થામાં રહેવું જોઇએ. એમની સાથે સંપર્કમાં આવેલી વ્યકિતઓમાંની એક શ્રી. કેશવલાલ અં. ઠક્કરે જણાવ્યું છે તેમ થોડાક દિવસો એમણે દિગમ્બર અવસ્થામાં પ્રભુભકિતમાં સમાધિમાં લીન થઇને ગાળયા હતા.[૭૮]

આ સમયે એમણે "જય ગુરૂ જય ગુરૂ દત્ત દિગંબર ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર" ની ધૂન કેટલાયે દિવસો સુધી અખંડ જગાવેલી. પોતે નિર્ગુણ દત્તની ઉપાસનાનું મહત્ત્વ પત્રરેખામાં વિગતે સમજાવ્યું છે. પોતાના ભાઇશ્રી. મણિભાઇને પણ નિત્ય ઉપાસના માટે દત્તસ્તોત્ર સ્વહસ્તે લખીને આપ્યું હતું. પાછળથી પૂ. રંગઅવધૂત મહારાજશ્રીને શ્રી. મણિભાઇએ ગુરૂ તરીકે સ્વીકાર્યા. એમના અનન્યભકત આમળા તા: સાદરા: ના શ્રી. નાનાલાલ યાજ્ઞિકના જીવનમાં બનેલો એમની સાથેનો એક ચમત્કારિક પ્રસંગ તેમના જણાવ્યા મુજબ તેમના શબ્દોમાં આ પ્રમાણે છે:

શ્રી. "સાગર" મહારાજની સાથેના પ્રથમ પરિચય પછી મને ઇ.સ. ૧૯૨૫ માં સૂચના કરવામાં આવી કે પોતે સરખેજથી સિધ્ધપુર શ્રી. અમૃતરાવદાદા નામના એક ભકતને ત્યાં અમુક દિવસે જવાના છે તે દિવસે તે સમયે મારે ત્યાં મળવું. મેં "સાગર" મહારાજને ગુરૂ તરીકે સ્વીકારેલા એટલે જવાનો દૃઢ નિર્ણય કર્યો. મુમુક્ષુતાની કક્ષા કેટલી છે તેનું માપ જાણે આ કસોટીથી લેવાનું ન હોય તેમ તે સમયે કોમી તોફાનોને કારણે

............

[૭૮]શ્રી. કેશવલાલ અં. ઠક્કરની મુલાકાતના આધારે.

કરફયુ હતો. સિધ્ધપુર સ્ટેશને પોલિસનો સખત જાપ્તો છતાં મારા જાનના જોખમે પણ જવાની મેં રજા માંગી. અલબત્ત લેખિત અરજ આપ્યા પછી જ મને પરવાનગી મળી. "સાગર" મહારાજને ખાતરી હતી કે હું જરૂર એમની આજ્ઞા પાળીશ એટલે પહેલેથી જ આ બાબત શ્રી. અમૃતરાવ દાદાને જણાવેલી. પોતે કસોટી કરવા માટે જ આમ કરેલું તેમ પણ જણાવ્યું હતું અને હું આવું ત્યારે મને સિધ્ધપુરથી સરખેજ મોકલવા પણ જણાવેલું. કરફયુ હોવાને કારણે સાવ નિર્જનતા હતી. સ્થળનો પરિચય જરાયે નહોતો. થોડેક વધતાં મને "સાગર" મહારાજ જેવી જ અલ્ફી ધારણ કરેલી એક વ્યકિતએ આવીને જણાવ્યું કે, "બચ્ચા, આપકો અમૃતરાવ દાદા કે યહાં જાના હૈ. ચલો મૈં સાથ મેં આતા હૂં". આમ કહી એમણે એમને જણાવા નિશ્ચિત સ્થળે પહોંચાડયો. પાછળ દૃષ્ટિ કરતાં ત્યાં મને મૂકવા આવેલી નિર્દિષ્ટ વ્યકિત - ફકીર અદૃશ્ય થઇ ગયા હતા, પરંતુ હું અમૃતરાવ દાદાના મકાનની સામે જ આવીને ઊભો હતો. મારા જીવનનો શ્રી. "સાગર" મહારાજ સાથે સંકળાયેલો આ ચમત્કારિક બનાવ હતો.[૭૯]

ઇ.સ. ૧૯૧૯ના વર્ષમાં ચિત્રાલ ગામમાં ઇન્ફલુએન્ઝાનો રોગ ફાટી નીકળયો હતો. શ્રી. "સાગર" તે વખતે ગવાસદ મુકામે એમના એક ભકત શ્રી. લલ્લુભાઇ ભગતે બાંધેલા આશ્રમમાં નિવાસ કરતાં હતા. ચિત્રાલ ગામના મુખીએ ગવાસદ જઇને જણાવ્યું કે ગામમાં ઇન્ફલુએન્ઝાનો રોગચાળો ફાટી નીકળયો છે અને રોજ મરણો થાય છે અને કંઇક કરવું જોઇએ. શ્રી. "સાગરે" જણાવ્યું કે ઉપાય તો છે પણ ગામ લોકોને ફકીરોની દુવા પર શ્રધ્ધા કયાં છે. આ સાંભળી મુખીએ કહ્યું કે,

...........

૭૯શ્રી. નાનાલાલ યાજ્ઞિકની મુલાકાતને આધારે.

"લોકોને શ્રધ્ધા ન હોય પણ ફકીરોએ તો એમના ઉપર રહમદિલી રાખવી જ ઘટે" આ પછી બનાવની ભયંકરતા લક્ષમાં લઇને ચિત્રાલ આવી તંબૂરો લઇને પ્રભુના નામની ધૂન ઉપર ધૂન મચાવતા તે પોતાના ભકતો સાથે મહોલ્લે મહોલ્લે ફર્યા જે ઘેર કોઇ બિમાર હોય તે ઘેર, જતાં અને ધૂન ઉપર ધૂન મચાવતા. ખાટલાની પ્રદક્ષિણા કરતા અને ઘરની બહાર નીકળી જતાં. આ પ્રમાણે દરરોજ ભજન ધૂન કરવાનું એમણે નિયમિત ચાલુ રાખ્યું. આ બધા દિવસોમાં ગામમાં એક પણ નવો કેસ કે કોઇનું મરણ થયેલ નહીં.[૮૦]

શ્રી. "સાગર" મહારાજે પરમાત્મા સિવાય કોઇનું યે આધિપત્ય સ્વીકાર્યું નહોતું. એમના મંડળના એ સરમુખત્યારએમના આશ્રમના એ અધિષ્ઠાતા અને એમના જીવનસિધ્ધાંતોના એ કુલ માલિક હતા. પોતે કોઇના રંગે રંગાયા નહીં પણ પોતાની ભકિતના રંગે રંગાવા ચાહનારને એમણે રંગ્યા.

ઇ.સ. ૧૯૩૪ ના એપ્રિલની ૨૭ મી એ પોતાના પુત્રને એમણે લખ્યું હતું કે "ઓટો-બાયોગ્રાફી" તો કદાચ ન યે લખુ અને તારે જ "બાયોગ્રાફી" અથવા તો "ક્રિટીસીઝમ" મારા દીવાનનું કદાચ લખવું જ પડે" "સાગર જીવન અને કવન" અને "દિવાને -સાગર દફતર-૨" નું વિવરણ તશરીહ એમના પુત્ર ડો. યોગી-દ ત્રિપાઠી એ લખ્યાં છે.

ઇ.સ. ૧૯૧૫ ના મધ્યકાળ સુધી "સાગરે" આત્માનુભવના પૂર્ણ આનન્દમાં હિમાલયમાં જ પોતાનું જીવન ગુજાર્યું. ઇ.સ. ૧૯૧૫ ના જૂન માસમાં "સાગર" પોતાની સાધના પૂર્ણ કરી ગુજરાતમાં પાછા ફર્યા- તપસ્વીનું તપ

...........

[૮૦] "સાગર- જીવન અને કવન", પૃ. ૪૨૮ "સાગર" ની પૂર્વરેખા, પૃ. ૪૦૬

સિધ્ધ થયું, હૃદયની ભાવના, પરમ તત્વની શોધ સિધ્ધ થઇ. તે પછી કાયમને માટે ચિત્રાલની બહાર એક માટીની પર્ણકુટિ બનાવી પોતાનું શેષ જીવન પ્રભુભકિતમાં જ વ્યતીત એમણે કરવાનું નકકી કર્યું. ઇ.સ. ૧૯૧૫ ના અન્તમાં "નારદભકિત સૂત્ર" અને "ગુરુ દત્તાત્રેયની"જીવનમુકિત ગીતા" ના ભાવાનુંવાદ સાથે પોતાના ઇ,સ, ૧૯૧૫ સુધીના કાવ્યોનો એક સંગ્રહ "દીવાને સાગર" નામે એક સંગ્રહ એમણે પ્રગટ કર્યો.

ઇ.સ. ૧૯૧૫ પછીનું "સાગર" નું જીવન ફકીરી જીવન હતું. પરમાત્મ પ્રાપ્તિનો ઉલ્લાસ અને મસ્તી "સાગરે" શેષ જીવનમાં માણી છે, અનુભવી છે, અને ૧૯૩૬ સુધીની- એટલે કે લગભગ વીસ વર્ષ ની - પોતાની અનુભવવાણી ૧૯૩૬ માં "દીવાને સાગર- દ.૨" નામે કાવ્યસંગ્રહ વ્દારા પ્રગટ કરી હતી. ઇ.સ. ૧૯૧૬ માં રચાયેલા "દીવાને સાગર, દ.૨" ના "પ્રલય" કાવ્યમાં "સાગર" પોતાની આધ્યાત્મિક સ્થિતિનું નિદર્શન કરતાં સ્પષ્ટ કહે છે કે,

"શૂન્ય શિખર પર મ્હાલે પોતે
સાગર લેવું ન દેવું રે.[८१]

ઇ.સ. ૧૯૧૭ ના અન્ત ભાગમાં લુણાવાડા પાસે આવેલી ચેતન ચોતરો - શીમળીયા નામની જગ્યાએ મહાત્મા જીવનદાસના સમાધિસ્થાને "સાગરે" બે તેમની વાણીના અભ્યાસ માટે કેટલોક સમય વીતાવ્યો હતો.

ઇ.સ. ૧૯૧૬ માં ટ્રેઇન્ડ શિક્ષિકા લલિતાબેન મંગળભાઇ જાની નામના એક મુમુક્ષુ બહેને પરમાત્મ પ્રાપ્તિ માટે "સાગર" મહારાજને માર્ગદર્શન આપવા માટે કરેલી વિનંતીને પરિણામે તેમની સાથે પત્રવ્યવહાર

...........

[८१] દીવાને સાગર - ૨, પૃ. ૪

શરૂ કરેલો. ઇ.સ. ૧૯૧૭ માં એમણે જગત સાથેના બાહ્ય સંબંધનો સંપૂર્ણ ત્યાગ કરી ભગવી અલફી ધારણ કરી જીવનના કેટલાંક વર્ષો : ઇ.સ. ૧૯૧૭-૧૯: "સાગર" મહારાજના આશ્રમમાં "સાગર" મહારાજ પાસે વેદાન્તના સંસ્કૃત ગ્રન્થો તેમજ અન્ય સન્ત વાણીના અધ્યયન માટે વીતાવ્યાં હતા. "સાગર" મહારાજને ગુરુ તરીકે માની તેમના દ્વારા તેમણે માતાજી ઓમકારેશ્વરી નામ ધારણ કરેલું. ઇ.સ. ૧૯૧૯-૨૨ ના આ સમય દરમ્યાન તેમને આદેશ આપી તેમના લઘુબંધુ શ્રી. મણિભાઇ દા. ત્રિપાઠીની દેખરેખ હેઠળ પાલણપુરમાં લક્ષ્મણ ટેકરી નામના સ્થળે અભ્યાસ અને એકાંત સેવન માટે રાખ્યાં હતા. "સાગર" મહારાજની સાથે જ માતાજીનું કાર્યક્ષેત્ર પ્રભુભકિતમાં અને આત્મિક સાધનામાં "સાગર" મહારાજના માર્ગદર્શન હેઠળ પોતાનું જીવન વીતાવ્યું હતું. શ્રી. "સાગરે" માતાજી ઓમ્કારેશ્વરીને 'યોગવાસિષ્ઠ,' 'અષ્ટગીતા,' 'પંચીકરણ,' 'ષટ્દર્શન,' 'અવધૂતગીતા,' તેમજ 'અષ્ટાવક્રગીતા' જેવા વેદાન્તી ગ્રન્થોનું અધ્યયન કરાવ્યું તે ઉપરાન્ત ઇ.સ. ૧૯૧૯ માં ભકિત, જ્ઞાન, યોગ અને સૂફી ઇશ્કના પરમાત્મા પ્રાપ્તિના ભિન્નભિન્ન માર્ગો તેમજ પોતાની સાધનાનો વિશિષ્ટ માર્ગ "સાગર રાહ" સમજાવવા માટે "અપરિમિત ધનચકકરનો નકશો" યોજ્યો, અને તેના ઉપર સમજૂતી પણ લખી. (જુઓ ધનચકકરનો નકશો અને તેની ગાઇડ પરિશિષ્ટ: ૬)

માતાજી ઓમ્કારેશ્વરીને લખાયેલા પત્રોમાં "સાગરે" પોતાનું તત્વજ્ઞાન અને સાધનાનો માર્ગ વિગતે સમજાવ્યો છે. લગભગ પાંચ વર્ષ દરમિયાન માતાજી ઓમકારેશ્વરી સાથે આધ્યાત્મિક પ્રગતિ માટે "સાગર" મહારાજે જે કામ કર્યું તેને પ્રણયજ્ઞનો વિશાળ ફલક ઉપર પ્રારંભ ન થયો હોય તેમ કહી શકાય. "સાગર" પોતે આ પ્રણયજ્ઞનું ચિત્ર આ રીતે રજૂ કરતાં પોતાના આશ્રમ જીવનનો પરિચય આપતાં કહે છે કે "કોઇની સાથે કશો વિશિષ્ટ સ્નેહ એ માયા છે. એ વાતને સિધ્ધાંતમાં મેં પહેલવહેલી "એક મહાભૂલ"

'દીવાને સાગર' ઇ.સ. ૧૯૧૨નું કાવ્ય) માં સ્વીકારી. .. ..
મારામાં રહેલી પૃથુરાજની શૃંગાર રસિકતાને મેં સાત વર્ષથી શ્રી. હરિમાં
સમર્પી દીધી છે. અને સ્ત્રીની મૂર્તિ તરફ બેશુમાર જ તિરસ્કારથી જોતો
રહ્યો છું . .. .. તને મારો અનુભવ પાવાને મને મરજી થઇ.
તું મને પાત્ર લાગી. .. .. ચિત્રાલની ધૂણી ઉપર આપણે
એક નાનકડો યજ્ઞ - બ્રહ્મયજ્ઞ આરંભ્યો હતો. એ ધૂણીમાં તને હોમી દેવાની
હતી. તું અને મર્હુમ કાભાઇ બન્ને હોમાવાના હતા. પાંચમા વેદના
જબરા કાતિલ છરાથી દિલને ચીરીને હોમી દેવાનું હતું. મેં મોતે દિલને
ચીરી નાંખીને હોમી દીધું હતું. ન હતો એનામાં સ્નેહ, ન હતી એનામાં
માયા, ન હતી એનામાં કોમળતા કે નહતી એનામાં સુન્દરતા . ..
બે વર્ષ સુધી તું અલખ નિરન્જનની ધૂણીથી ગેરહાજર રહી. અલખ નિરન્જન
ના હુકમનો તેં અનાદર કર્યો. એ વર્ષ દરમિયાન જે સ્ત્રીપણાએ તને
અલખ નિરન્જનની ધૂણીથી દૂર રાખી હતી તે જ સ્ત્રીપણું પોષાયા કર્યું
.. .. પૂરા બે વર્ષ પણ ન થયાં એટલામાં તો એ - અલખ
નિરન્જનની ધૂણી ઉપર બ્રહ્માત્મા તને ધકેલે છે.[૮૨]

પાંચ વર્ષ સતત ચલાવેલા બ્રહ્મયજ્ઞનું ફળ બ્રહ્માનુભવ પ્રાપ્ત થયા પછી માતાજી ઓમ્કારેશ્વરીએ પોતાનું શેષ જીવન ઋષિકેશમાં 'ઓમ્ કુટિર' આશ્રમમાં વીતાવ્યું હતું. એમની અનુભવવાણી "માતાજી ઓમ્કારેશ્વરી ભજનામૃત" એની સચોટ પ્રતીતિ કરાવે છે. "સાગરે" માતાજી ઓમ્કારેશ્વરીને ઉદ્દેશીને લખેલાં ભજનોમાંથી નીચેની પંક્તિઓ પણ એમનો યથાર્થ પરિચય કરાવી ગુરુશિષ્યનો સંબંધ સ્પષ્ટ વ્યક્ત કરે છેઃ ઇ.સ. ૧૯૨૧માં "સાગર" મહારાજે પોતાના પત્ની ભાગીરથીને ચિત્રાલ આશ્રમમાં જીવનના પરમશ્રેયનો

...........

૮૨"સાગર" ની પત્રરેખા, પૃ. ૫૦૬-૭

પ્રભુભક્તિનો ઉપદેશ આપી, ભગવાં વસ્ત્રો ધારણ કરાવ્યા હતાં. માતાજી ભાગીરથીએ જીવનનાં છેલ્લાં વર્ષો પરમાત્મા ની અપ્રતિમ ભક્તિ અને અનન્ય લગનીમાં જ વીતાવ્યા હતાં. "સાગર" મહારાજના ઉપદેશની અસરનું પરિણામ હતું. એમણે પણ કેટલાક પ્રભુભક્તિનાં પદો રચેલાં.[83]

ઇ.સ. ૧૯૨૩ માં "સાગરે" તેમના ભાઇશ્રી મણિભાઇને ત્યાં તથા પાલનપુર લક્ષ્મણ ટેકરી અને લાલબાગ નામના સ્થળોએ તેમજ બાલારામ મહાદેવમાં પ્રભુભક્તિમાં લગભગ બે વર્ષ વીતાવ્યાં હતા. "સાગરે" હિમાચલમાંથી પાછા ફર્યાં પછી નિષ્કામપણે વ્યાવહારિક જીવનનાં કાર્યો પણ પ્રસંગોપાત બજાવ્યા હતા.

ઇ.સ. ૧૯૨૦ માં "સાગરે" કહાનવા બંગલો નામે ઓળખાતા શ્રી. અખાજીની પ્રણાલિકાના સંત શ્રી. કલ્યાણદાસજીના સમાધિસ્થાનેથી ઉપલબ્ધ થયેલી પ્રણાલિકાનું અપ્રસિધ્ધ સાહિત્ય સંશોધન કરી શતાબ્દિ ઉત્સવ દિને સંતોની વાણી નામે પુસ્તક પ્રગટ કર્યું. અખાજીની અપ્રસિધ્ધ હિન્દી ગુજરાતી કૃતિઓ ગુજરાત સમક્ષ રજૂ કરવાનો તથા કેટલીક નવી માહિતી રજૂ કરવાનો યશ એમને ફાળે જાય છે.

ઇ.સ. ૧૯૨૫ માં "સાગરે" પોતાના પુત્રની કેળવણી અંગેની આ એક જવાબદારી અદા કરવા માટે થોડાંક વર્ષો તેમના વતન સરખેજમાં નિવાસ કરેલો. આ બે વર્ષ દરમિયાન એમણે લગભગ અગિયાર પુસ્તિકાઓ લખી પ્રગટ કરી હતી.

...........

[83] "સાગર" ના અપ્રસિધ્ધ ભજનો- સાગરના મનની એ અદભુત કલ્પના-પ્રફુલકુમાર-જ્યોતિકુમાર મથી. ભાગીરથીના ભજનો માંથી

આ સમયે સનાતન વિચારણા, પ્રાર્થનાપોથી, સ્વીડનબર્ગનું ધર્મશિક્ષણ, મહાત્મા એમર્સનનું પરમાત્મ તત્ત્વ, ધર્મવિચારણા, સંતોની વાતો, ગીતાની વિચારણા, ગીતાનું હૃદય, સ્ત્રીપુરુષ વિચારણા, ઓમ પ્રભુજીના કકકાની પ્રથમ આવૃત્તિ ઉપરાંત મહાત્મા વિવેકાનંદનું હૃદયબલ :બીજી આવૃત્તિ:, મુમુક્ષુ વિચારણા :પાંચમી આવૃત્તિ: અને થાકેલું હૃદય :બીજી આવૃત્તિ: પ્રગટ કરી હતી. ઇ.સ. ૧૯૩૦ માં "સાગર" ચિત્રાલ આશ્રમે પાછા ફર્યા હતા તે પછી એમણે "કલાપીનો કેકારવ" નું ઇ.સ. ૧૯૩૧ માં તેમજ અપ્રસિધ્ધ અક્ષયવાણી અર્થાત અખાકૃત કાવ્યો ભા-૨ તેમજ "કલાપીની પત્રધારા" નું સંશોધન- સંપાદન કર્યું હતું .. .. "સાગરે" "કલાપી"ને અને પાછળથી શ્રી. અખાજીને ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. પરિણામે બન્ને પ્રત્યેનું પોતાનું ઋણ તેમણે આ રીતે તેમના અપ્રસિધ્ધ સાહિત્યનું પ્રકાશન કરી અદા કર્યું હતું.

ઇ.સ. ૧૯૩૩ માં "સાગરે" શ્રી. કેશવલાલ અંબાલાલ ઠકકરને એમ.એ. ની ડીગ્રી માટે "અખાનું તત્વજ્ઞાન" એ વિષય ઉપર :મહાનિબંધ માટે: સૂચનાઓ અને માર્ગદર્શન આપી અખાનું તત્વજ્ઞાન સમજાવ્યું હતું.[૮૪]

"સાગરે" ઇ.સ. ૧૯૨૬ માં આજીવન અગ્નિહોત્ર વ્રતનો સ્વીકાર કર્યો હતો. જેની તેમણે ઇ.સ. ૧૯૩૬ માં વિક્રમ સંવત ૧૯૯૨ ની ગુરુપૂર્ણિમાને દિવસે પોતાના હસ્તે પૂર્ણાહૂતિ કરી હતી. આ સમયે "દીવાને સાગર" દફતર-૨ નામે પોતાની ઇ.સ. ૧૯૧૬ પછીની અનુભવવાણીનું કાવ્યસંગ્રહાકારે પ્રકાશન કર્યું હતું. શ્રી. કેશવલાલ ઠકકર ના જણાવ્યા મુજબ આ સમયે અન્તમાં "ખલાસ" શબ્દ મૂકયાનું તેમને સૂચન

...........

[૮૪] અખાના તત્વજ્ઞાનના સિધ્ધાન્તો રજૂ કરતી "સાગર" ની અપ્રસિધ્ધ પુસ્તિકા માટે જુઓ પરિશિષ્ટ

કર્યું હતું અને એ રીતે પોતાનું ઐહિક જીવન પૂર્ણ કરવાનો સમય ખૂબ નજીક આવી ગયો છે તેની તેમણે આગાહી કરી હતી. "સાગર" મહારાજે પોતાના જીવનનાં છેલ્લાં વીસ વર્ષો પરમાત્મા પ્રાપ્તિનો આનન્દ અને મસ્તીમાં અને મુમુક્ષુને તેનું રસપાન કરાવવામાં ગુજાર્યાં હતા. એમના આશ્રમમાં રહીને જ આખા ગુજરાતમાં તેમણે ભક્તિનું વાતાવરણ પ્રગટાવ્યું હતું. પરિણામે, તેમની અનિચ્છા હોવા છતાં એ તેમને ચાહનારું વહોળું અનુયાયી મંડળ તેમની પાછળ ઉભું થયું . આજે પણ દર ગુરુપૂર્ણિમાએ ચિત્રાલમાં એમની સ્મૃતિરૂપે "સાગર" આશ્રમમાં ગુરુપુજન અને ભજનોત્સવ થાય છે.

"સાગર" મહારાજે પોતાના માતુશ્રીના દેહવિલય પછી લગભગ દોઢ માસે ઇ.સ. ૧૯૩૬ ના ઓગસ્ટની સત્તરમી તારીખે એટલે વિ. સં. ૧૯૯૨ ના શ્રાવણ માસની અમાવાસ્યાએ સોમવારે રાત્રે ૨.૨૦ મિનિટે પોતાના સ્થૂળ દેહનો ત્યાગ કર્યો હતો. જે સમયે તેમના બન્ને ભાઇઓ તેમજ તેમના પુત્ર તેમના મિત્ર શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તથા ડો.જોશી હાજર રહ્યા હતા.

"સાગર" મહારાજના આશ્રમ દ્વારા તેમની સ્મૃતિરૂપે શ્રી. "સાગર ગ્રન્થમાળા" દ્વારા પ્રતિવર્ષ તેમની એકાદ પ્રસિધ્ધ કે અપ્રસિધ્ધ કૃતિ પ્રગટ થાય છે. ચિત્રાલ ગામલોકોએ તેમના ચિરસ્મરણ માટે જે સ્થળે તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે તે સ્થળે સમાધિસ્થાન બનાવ્યું છે.

બ્રહ્મર્ષિ સંતશ્રી "સાગર" મહારાજની અનુભવવાણી "દીવાને સાગર દ. ૨" અને સાગરની પત્રરેખામાંથી આપેલા નીચેનાં અવતરણો જગતનો બાહ્ય ત્યાગ કર્યા વિના અનન્ય પ્રેમયોગ તપશ્ચર્યા, મનોનાશ તથા વાસનાક્ષયના પ્રબલ પુરુષાર્થ દ્વારા પરમાત્મ પ્રાપ્તિ માટેની "સાગર" ની સાધનાની સિધ્ધિનું આબેહૂબ નિરૂપણ કરે છે.

૧. કોઇ નામે "સાગર" જલરહા. ઓમકાર ઇશ્વર જલ રહા.
અનભે અલખ ગુરુનામકા – નિર્ગુણ નિરંજન જલ રહા.[૮૫]

૨. મો સમ સુખી કોઉ નાહીં
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં
હાર જૈસો હાર મેરો મિત્ર ભયો હે,
આપે કરત વિભુ છાંહિ.

.. .. ..

ધન્ય હિ દરશન દીન્હો દિગમ્બર
સાગર સમરથ સાંઇ.
જગત મેં મોં સમ સુખી કોઉ નાહીં[૮૬]

૩. હમણાં તો "સાગર" સાહેબ મૌલાની ધૂન ધારી રહ્યો છું અને એજ આપણને સર્વને સર્વોપરિ હસ્તની સહાય આજની ક્ષણ સુધી પહોંચાડી રહેલ છે અને ત્રણેકાળમાં પહોંચાડવાને સમર્થ છે. હું મારી અકકલ ઉપર અને મારા કૌવત ઉપર હરગીઝ મુસ્તાક નથી. પરન્તુ જે પરમાત્મા છતમાં છે અને જેની મુબારક બાદી તેણે મને કૃપા કરીને બક્ષી છે, તેના નામ ઉપર અને તેના કૌવત ઉપર જ પૂરેપૂરો ભરુસો રાખી રહેલ છું. મારું તે તેનું છે અને તો મારી ચિન્તા, મારું ચિન્તન અને મારું સ્વરૂપ – એ બધુ યે તેના વિના બીજા કોનું છે. અલબત્ત, અલ્હકનું છે– અનલહકનું છે.

...........

[૮૫]દીવાને સાગર દ.૨ પૃ. ૧૨૯

[૮૬]એજન, પૃ. ૧૬૬

Smt. HANSA MEHTA LIBRARY ... UNIVERSITY OF BARODA

૪. "સ્ટ્રોન્ગેસ્ટ પર્સનાલિટી" એટલે જ પ્રબલ પુરુષાર્થ એટલે જ તીવ્રમાં તીવ્ર અને સતત વેગવન્તી એવી આવેગી અભિરુચિ- એવી સુન્દર રસવૃત્તિ તદાકારવા તન્મયતાપૂર્ણવૃત્તિ એ જ પુરુષાર્થની પ્રબળતા વા યોગીની વા ઉપાસકની સ્ટ્રોંગેસ્ટ પર્સનાલિટી .. .. .. અને આવું પ્રગટીકરણ જેને સહજ સ્વભાવે સિધ્ધ છે તેને કોઇપણ પ્રકૃતિ કદાપિ પણ બાધક હોતી નથી, કારણ કે તે જ "બ્રહ્મર્ષિ" કિંવા અદ્વૈત બ્રહ્મરૂપ "જ્ઞાની" છે, આ જ અમારા લોકનું "અનલ હક" છે અને આપણા પૂર્વજોનું એટલે આપણું પૂર્ણબ્રહ્મ છે. .. .. .. આ તે "સાગર" નો હાથ અને તે સાગરનું હૈયુ લખી રહ્યો છે કે જે અત્યારે ત્રેવેન વરસની ઉમ્મરનું શરીર લઇને બેઠો છે, અને વીસ વરસની એટલે પોતાની તેત્રીસ વર્ષની ઉમરથી પૂર્વે લાગલાગટ પાંચ વર્ષો હિમાલયમાં તપશ્ચર્યા કરી આવીને તપસ્વીની મઢી કે બ્રહ્મર્ષિનો આશ્રમ વસાવીને જિન્દગી ગુમાવી રહ્યો છે કે જીતી રહ્યો છે. .. .. પોતાની અઠ્ઠાવીસ વરસની ઉમ્મરથી જે "સાગર" કેવલ બ્રહ્મણ્યમ જિન્દગાની જ ગાળે છે તે માણસ આ લખી રહ્યો છે. તે બધાં થિયેરેટિકલમાંથી પ્રેકટીકલ કરીને હું જીવી પરવાર્યો છું. .. .. વિશેષમાં પરમાત્મા પોતે આપણો થયો છે. કિં બહુના.[૮૭]

પોતાના પુત્ર શ્રી. યોગી-દ્રભાઇને જીવનકાલના અંતિમ બે વર્ષો દરમિયાન :૧૯૩૪-૩૬: લખેલા પત્રો ઉપરથી "સાગર" મહારાજનું અધ્યાત્મ ચિત્ર ખડું થાય છે જુઓ:

............

[૮૭] "સાગર" ની પત્રરેખા" પૃ. ૪૧૬-૩૧

ઇ.સ. ૧૯૩૪ ના એપ્રિલની ૫ મી તારીખે એમણે લખ્યું છેઃ

"ભાઇ૰ તું તે જ કૃપાપ્રવાહને આશ્રયે સોંપાયેલો તારા અદભુત પિતાનો શ્રધ્ધાશીલ, જ્ઞાનશીલ અને ચારિત્ર્યશીલ સ્વયંસિધ્ધ પુત્ર છે૰ કિં બહુના."[88]

આ વર્ષમાં મેની ૩૧ મીએ પોતાના આશ્રમજીવનનો પરિચય આપતાં 'સાગર' લખે છેઃ

"ઘણી બાબતોમાં આશકોનો, ફિલસૂફોનો અને અવધૂતોનો સ્વાનુભવ જેમ વાણી ગમ્ય નથી તેમ અત્રેના આશ્રમમાં તું આવ્યો અને "અમારા લોક" ની ફકીરી બાદશાહત કેવી હોય છે તેનો પ્રત્યક્ષ અનુભવ થઇ ગયો એ બાબત કંઇ કલમ ઉપર કોઇપણ કલાકાર ચડાવી શકે કે. અને "વાનપ્રસ્થ અગ્નિહોત્રી" ની દી.સા.ની કવિતા લખનારનું પચીસ વરસ પછીનું "હર્મિટેજ" તેમના "હર્મિટ" સાથે તું જોઇ જાણી શકયો છે, આ કંઇ ઓછું નથી. જીવનમાં સૌ કોઇને એવા પ્રસંગો નથી જ આવતા.

અમારા આશ્રમનું જીવન એટલે સ્વભાવે કરીને તો મહારાજાનું મોટું જીવન અને તેની સાથે જ ગરીબમાં પણ ગરીબ બ્રાહ્મણનું યા મોહતાજ ફકીરનું "તવા જલતા હૈ આટા નહીં હૈ" - "દો દિન પીછે ભોજન કરેંગે" - બસ એવું યે જીવન .. .. આ આશ્રમ તો વૈદિક આશ્રમ છે - શ્રી. વસિષ્ઠજી, શ્રી. યાજ્ઞવલ્કયજી, અને શ્રી. વિશ્વામિત્રજી જેવા વેદપુરુષો અહીં ઘણીવાર દર્શન આપવાને, પ્રસાદ આપવાને અને વેદવાણીના સંકીર્તનમાં શામિલ રહેવાને પધારે છે."[89]

...........

[88] એજન, પૃ. ૪૦૦

[89] એજન, પૃ. ૪૦૭-૪૦૮

આજ વર્ષના નવેમ્બરની ૧૩ મી તારીખે પોતાની સહજાવસ્થાનું નિરૂપણ કરતાં કહે છે કે:

"સાગર" અજાતવાદી છે એટલે પરમાત્મવાદી છે અને બધા જ સૂફી જોગીઓ જ્યારે "સાકી" થાય છે ત્યારે તેઓ તમારા શંકરના "માયાવાદ" ની મર્યાદા ઉલ્લંઘીને તેની પેલે પાર વસનારા - અમનસ્કતાના યાને નિર્વાણી નિરંજનના અવધૂતો થઇ જાય છે- જ્યાં જીવન એ મૃત્યુ છે અને મૃત્યુ એ જીવન છે."[૯૦]

પોતાના પુત્રને આધ્યાત્મિક વારસો આપવાનો નિર્દેશ કરતાં ૧૯૩૪ના ડિસેમ્બરની ૧૧ મી તારીખે લખે છે:

"જે બધા શાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનાં શમીકરણો તું ચાલુ સમયે ભણી રહ્યો છે તે બધાં "થિયેરેટીકલ" માંથી "પ્રેક્ટિકલ" કરીને હું જીવી પરવાર્યો છું- તું તારી પરીક્ષા આપે અને હું તને ચાર્જ આપું - આટલો જ આ "ટ્રાન્સિશનલ પિરિયડ" છે. પરમાત્માએ સર્વ સાધનો આપણને સુલભ કર્યાં છે."[૯૧]

ઇ.સ. ૧૯૩૬ ના માર્ચ માસની પંદરમી તારીખે લખેલા પત્રના અવતરણ પરથી સ્પષ્ટ થશે કે બધું જ કાર્ય પુરું કરીને શરીર છોડવાની પ્રબળ ઇચ્છા કરીને પોતે દેહ છોડયો અને તે પણ પોતાની પત્નીનું મોક્ષની ભૂમિકા સુધી લઇ જવાની પોતાની ફરજ બજાવીને પછી જ". ભાઇ. હવે જગતમાં મને કશું ગમતુ નથી અને સનાતન સમાધિમાં સૂઇ રહેવાની એક જ મરજી દિલમાં ચોવીસે કલાક રહ્યા કરે છે. પછી એ "સવિકલ્પ" સમાધિ કે

............

[૯૦] એજન, પૃ. ૪૧૫

[૯૧] એજન, પૃ. ૪૧૬

"નિર્વિકલ્પ સમાધિ એ તો બ્રાહ્મી સંસ્કાર મારે એક જ વાત બાકી હતી કે તારી બા મારી અર્ધાંગના હોવાથી એનો મોક્ષ પણ મારી સાથે જ હોય એ મેં સ્વાભાવિક માન્યું છે પણ જયાં સુધી એનો ધર્મ, એનો અર્થ અને એનો કામ એ, મારાથી જુદાં હોય ત્યાં સુધી એનો મોક્ષ સંભવિત તેમજ શકય નથી, અને એ બધી કામગીરી હવે પૂરી થઇ ગઇ છે.[૯૨]

અર્વાચીન કવિતામાં સુંદરમે સાગર રાજનો પરિચય આ પ્રમાણે આપ્યો છે પરમાત્માના અનુભવની ગૂઢ વસ્તુ બાજુએ મૂકાએ તો પણ 'સાગર' ની વાણીમાં રસ-મગ્ન બ્રાહ્મી ભાવનાઓ તો છે જ. અને 'સાગર' પોતાને "સ્વાનુભવી" મહાજન, "શાહ સાગર" તથા કબીર પછી બીજો જન્મેલો "સાગરરાજ" કહે છે તેની પાછળ કંઇક જીવનાનુભવનો સાચો રણકાર છે એમાં શંકા નથી. એમના પ્રત્યક્ષ જીવનમાં ઘણી મસ્તી હતી. નિજાનન્દનો સાક્ષાત્કાર હવે અને તે તત્વને તેમણે વાણી આપી છે એમ કહેવું પડશે."[૯૩]

સુંદરમના ઉપર્યુકત વિધાનને યથાર્થ ઠરાવતા 'સાગર' મહારાજની અંતિમ અપ્રસિધ્ધ કૃતિ શ્રી. સુંદરમના ઉપર્યુકત વિધાનને યથાર્થ ઠરાવે છે.

હાલો હાલો જઇયે રે હળુ હળુ જઇયે રે
રહીએ ગુરુ કે રે ગામ.
લેવું દેવું કંઇયે રે હાં કહીએ રે
ચિન્તામણિ ગુરુનામ.

...........

[૯૨] એજન, ૪૩૩-૩૪

[૯૩] 'અર્વાચીન કવિતા'- સુંદરમ્ પૃ. ૨૦૧

જાયા મહાસત ગુરુને નામે ચાલોકયા ઓમ રણકાર
ભેદાભેદ વિના વશ કીધા, જેનો છે જ્યમ અધિકાર છે
હાં દગો સગો -હોયે રે હરિ ઓમ હરિ હઈએ  હાલો હાલો૦
ગુરુ ઘરથી સંતો. ગુરુ ઘરમાં હ્રખીઓ છે
અંધવારુ કેવું આરામે. જાગે         રે,
હાં નાચો રાચો નટડી રે ચેતન ચિત્ત ચહીએ હાલો હાલો૦
સબરસ ભોજન પાવે નિત્યે ગાવે નવે રસે ગાન,
થાપ્યા સેતુ મહાસાગરીએ. પોતે પુરુષ પુરાણ રે-
આ નૌતમ લીલા નીરખી રે, દત્તદિગંબર એ  હાલો - હાલો૦[૯૪]

...........

૯૪ "સાગર" ની અંતિમ અપ્રસિધ્ધ કૃતિ.